# કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ




• રચયિતા •

શ્રી ઋષભદાસ કવિ

• સંકલનકાર •

પરમપૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પુસ્તક-૬૧

# કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ

**રચિયતા**

ઋષભદાસ કવિ

**સંપાદક**

કર્મ સાહિત્ય નિષ્ણાત સિધ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક, પરમતારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટ પ્રભાવક કર્મ સાહિત્યના જ્ઞાતા પરમ પૂજ્ય આચાર્ય **વિજય નરવાહનસૂરિ** મહારાજ.

**પ્રકાશક**

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
**૧૧૮૮, લક્ષ્મીનારાયણની પોળ,**
**રાજામહેતાની પોળમાં,**
**કાળુપુર-અમદાવાદ-૩૮૦૦૦૧.**

પુસ્તક-૬૧મું

# કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ


વીર સં-૨૫૩૧

સને-૨૦૦૫

સંવત-૨૦૬૧

ભાદરવા સુદ-૪

કિંમત

રૂા ૨૦.૦૦



સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન



ટાઇપ સેટીંગ

દિવ્યેશ શાહ

મુદ્રક

નવપ્રભાત

પ્રીન્ટીંગ પ્રેસ

ઘીકાંટા રોડ

અમદાવાદ-૩૮૦૦૦૧

ટે.ન. -૨૫૫૦૮૬૩૧

## આર્થિક સહયોગ

શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ.
પાલડી, અમદાવાદ-૭ તરફથી તેમના
શ્રી જ્ઞાનખાતામાંથી આ પુસ્તક
પ્રકાશનનો સંપૂર્ણ લાભ
લેવામાં આવ્યો છે.
તેની અમે અનુમોદના
કરીએ છીએ.

## પ્રાપ્તિ સ્થાનો

**ભરતભાઇ બી.શાહ**

૪૦૧/૪૦૨, સરિતા કોમ્પલેક્ષ, પ્રવિણ એપાર્ટમેન્ટની સામે,
સેટ ઝેવીયર્સ કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં-૨૬૫૬૩૪૩૧-૨૬૫૬૩૪૩૨- મોબાઇલ નં. ૯૩૭૬ ૧૨૧૮૧૧

:----:

**નૌતમભાઇ આર. વકીલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)**

૧૬, ન્યુ આશિષ ફ્લેટસ્, શેફાલી સેન્ટરની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં : ૨૬૫૭૫૮૨૩ મોબાઇલ નં- ૨૧૯૫૨૨૬, ૯૮૨૫૧૫૯૬૧૭.
ઇ મેઇલ - nautam@nautam vakil.Com.
વેબસાઇટ - www.nautam vakil.Com.

:----:

**અશ્વિનભાઇ એસ.શાહ**

C/o નગીનદાસ છગનલાલ ઠે. પાંચકુવા દરવાજા બહાર અમદાવાદ-૩૮૦૦૦૨.
ફોન: ૨૨૧૪૪૧૨૧

:----:

**ચંદ્રેશભાઇ રસીકલાલ દોશી**

૫/૧૨, દામુભાઇ કોલોની, જવાહરનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન: ૨૬૬૩૨૯૬૦

:----:

**હિંમતભાઇ બી. શાહ**

૨, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.
ફોન: ૨૩૧૦૩૪૩, ૨૩૨૨૮૬૨

:----:

**ડૉ હસમુખભાઇ આર. શાહ**

બી-૭, વિનીત, મજીઠીયાનગર, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૭.
ફોન નં-૨૮૦૭૩૦૪૬, ૨૮૦૫૨૩૭૫, ૨૮૬૨૨૪૬૭

:----:

**પન્નાબેન ચંદ્રકાંતભાઇ કાપડીયા**

C/o ચંદ્રકાંતભાઇ કાપડીયા ૩૦૧, બીલેશ્વર ટાવર, મહાત્માગાંધી રોડ,
પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ) મુંબઇ નં-૪૦૦૦૮૦.
ફોન નં-ઘર-૨૫૬૯૪૭૬૬, ૨૫૬૧૩૬૭૪.
મોબાઇલ - ૯૮૨૧૧૬૦૯૪૨ (ચંદ્રકાંતભાઇ) ● ડૉ. જોલી - ૯૮૯૨૧૩૨૨૧૦

:----:

**આશીતભાઇ વી. ચોકસી**

૧/૨૦૬, રામનગર-પાટકર કોલેજ સામે, એસ.વી.રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૨.
ફોન નં-૨૮૭૨૩૪૭૨ મોબાઇલ નં-૯૮૨૧૧-૧૭૬૪૯

:----:

# કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ

શ્રી હેમસૂરિમહારાજના ઉપદેશની અસરથી કુમારપાળ ભૂપાળના હૃદયમાં અનુકંપા બહુ જ ઉંચા પ્રકારની વસેલી હતી અને તેથી કરીને એક દિવસ તેમણે ગુરૂમહારાજને વિનંતી પુર્વક કહ્યું કે- "હે સ્વામી! જો આપ કૃપા કરી મને સુવર્ણ સિદ્ધિની વિદ્યા બતાવો તો હું તેના પ્રતાપે સર્વને ઋણરહિત કરી સારી રીતે સુખી કરૂં." તેના જવાબમાં ગુરૂમહારાજે કહ્યું કે- "તે વસ્તુ હું જાણતો નથી અને તે મેળવવાની મ્હારામાં શક્તિ પણ નથી; પરંતુ મ્હારા ગુરૂ શ્રી દેવચંદ્રસૂરિ એકાંત સ્થળે તપસ્યા કરી રહ્યા છે. તેમને વિનંતિ કરતા તેઓ શ્રી જો અહીં પધારે તો તે મહાત્મા આ કાર્ય કરવા સમર્થ છે." આ પ્રમાણે કહેવાથી કુમારપાળ રાજાએ શ્રી દેવચંદ્રસૂરિ જ્યાં બિરાજતા હતા ત્યાં તેડવા માટે વિનંતિ પત્ર લખી

પોતાના સેવકોને મોકલ્યા, એટલે ગુરૂ શ્રી દેવચંદ્રસૂરિ પાટણ પધાર્યા તેમના આવાગમનના ખબર મળતાં જ કુમારપાળ મહારાજા વિગેરે ઉપાશ્રયે આવ્યા અને ગુરૂમહારાજને વિધિ પુર્વક વંદન કરી સુખશાતા પુછી વ્યાખ્યાન સાંભળવા બેઠા. ગુરૂમહારાજની અમૃતસમાન દેશના સાંભળ્યા બાદ વ્યાખ્યાન સંપૂર્ણ થયા પછી રાજા કુમારપાળે એકાંતમાં દેવચંદ્રસૂરિને વિનંતિ કરી કે- "હે કૃપાળુ ગુરૂમહારાજ! મ્હારા હૃદયમાં અનુકંપા બુદ્ધિએ જગતના જીવોને ઋણરહિત કરવાની ભાવના થઇ છે, તે માટે સુવર્ણ સિદ્ધિની જરૂર છે; તે આપની પાસે છે તો કૃપા કરી મને તે વિદ્યા બતાવો. આ ખાસ કારણ માટે મેં આપ સાહેબને અહિં તેડાવ્યા છે."

આ પ્રમાણે કુમારપાળ ભૂપાળે સુવર્ણસિદ્ધિ માટે યાચના કરી કે તુરત જ તે વાત હેમસૂરીશ્વરે ઉપાડી લીધી અને પોતાના ગુરૂને વિનંતિપૂર્વક કહ્યું કે- "હે ગુરૂમહારાજ! આ સુવર્ણસિદ્ધિ આપની પાસે છે અને મને યાદ છે કે એક વખતે આપે તેની પરિક્ષા અર્થે એક શ્રાવક પાસે એક વેલડી મંગાવી હતી, જેને તાંબાની સાથે ઘસતાં તે તુરત જ સુવર્ણ થઇ ગયું હતું. એ જ વસ્તુની કુમારપાળ રાજાને ઘણી જરૂર છે, કારણ કે અનુકંપાબુદ્ધિની ભાવનાએ તેમની ઇચ્છા સહુ કોઇને ઋણરહિત કરીને સુખી બનાવવાની છે, તો આપ કૃપા કરી તે બતાવશો તો તેમાં કાંઇ હરકત જેવું જણાતું નથી." ગુરૂશ્રી દેવચંદ્ર મુનિવરે પ્રથમ તો આ વાત શાંત પણે સાંભળી. પછી પ્રત્યુત્તરમાં સ્હેજ ખીજવાઇને બોલ્યા કે- "અરે હેમ! તું ખરેખર હજુ કાચા કુંભની બરાબર જ જણાય છે. જેમ કાચા ઘડામાં ભરી રાખેલું જળ ટકી શકતું નથી તેમ ત્હારામાં પણ વાત જીરવવાની તાકાત જણાતી નથી. જે ગુહ્ય વસ્તુ અન્યને નહિ જણાવવા જેવી હતી છતાં મુખમાંથી બહાર નીકળી પડી, તે સબબે ત્હારામાં ગંભીરપણું દેખાતું જ નથી. વળી ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત તો એ છે કે જ્યારે તારા જેવો હેમ પણ ગંભીરપણું રાખશે નહિ તો પછી

બીજાની તો વાત જ શી કરવી ?" આ પ્રમાણે હિતવચનો કહીને કહ્યું કે- "હે હેમ! આ વિદ્યા અનર્થનું મૂળ છે, આ વિદ્યાથી સંયમમાં હાનિ થવા સંભવ છે; માટે ચારિત્રના ખપી જીવોએ અને શુદ્ધ ચારિત્ર પાળવાના અભિલાષી જીવોએ આવા સાવદ્ય વચન બોલવા કોઇ પણ રીતે યુક્ત જ નથી. સંયમધારી મુનિવરોએ તે માટે નીચેની ઢાળ ખાસ વાંચીને વિચારવા જેવી છે.

ઢાળ.

રાગ રામગ્રી (દેશી- રામભણી ઉઠીએ)

સાવદ્ય વચન મુનિ નવિ કહે, ન કહે મંત્ર કે મૂળ રે;
ઔષધ ભેષજ ભાખે નહિ, તો રહે સંયમ મૂળ રે. સાવદ્ય૦
જીવ છકાયને રાખતો, ન કહે હિંસાની વાત રે;
યંત્ર તંત્ર મુખે નવિ કહે, તસ મુનિ કહે જગનાથ રે. સાવદ્ય૦
નવવિધ પરિગ્રહ પરિહરે, કારણ પણે પરિહાર રે;
પંથ ઈસ્યો નર પડિવજે, તે કહ્યા સંયમ ધાર રે. સાવદ્ય૦
જેણે નિજ મંદિર પરિહર્યા, ન કરે પરગ્રહ સાર રે;
જ્યોતિષ નિમિત્ત નવિ કહે, જેહ સૂધો અણગાર રે. સાવદ્ય૦
શરીરની શોભા નવિ કરે, નવિ વંછે શુભ આહાર રે;
શાતા ગારવ પરિહરે, છંડે કામ વિકાર રે. સાવદ્ય૦
પ્રમાદ પાંચે પરિહરે, રાખે ક્રિયાશું રંગ રે;
વળી વૈયાવચ્ચ ખપ કરે, કરતો સદ્‌ગુરૂ સંગ રે. સાવદ્ય૦
જે સમુદાણી ભિક્ષા કરે, દોષ બેંતાલીશ દૂર રે;
જે તપ સંયમ ઉપશમી, ન પડ્યા સંસાર પૂર રે. સાવદ્ય૦
જે ષડરસ ભિક્ષા લીએ, છએ વિગયનો આહાર રે;
નહિ તપ સંયમ ઉદ્યમી, દુરગતિના ભજનાર રે. સાવદ્ય૦
મૃષા મુખથી બોલે નહિ, અદત્તતણું પચ્ચખ્ખાણ રે;
શીલ ધરે નવ વાડશું, નવિ ખંડે જિન આણ રે. સાવદ્ય૦

જે અભિલાષી છે મોક્ષનો, તેહને સંયમ ધ્યાન રે;
મંત્ર શુકન જે મુનિ કહે, તે ખોવે નિજ માન રે. સાવધ૦

આ પ્રકારની હિતશિક્ષા શ્રી દેવચંદ્રસૂરિએ હેમસૂરિને કહી સંભળાવી. તેની સાથે કહ્યું કે- "હે હેમ! જે મોક્ષના જ અભિલાષી છે તેમણે તો માત્ર સંયમ શુદ્ધપણે પાલન કરી અષ્ટકર્મને તોડી નાખવાની જરૂરિયાત છે, એટલે મંત્ર, શુકન આદિ સાવદ્ય વચન કહીને કર્મબંધન કોઇ પણ રીતે કરવા નહિ; પણ જો એ પ્રમાણે વર્તન ન થાય તો તે પ્રભુઆણાથી વિરૂદ્ધ ગણાય તેમજ મંત્ર, શુકન કે નિમિત્ત વિગેરે કહેવાથી પરિણામે મહાઅનર્થ ઉત્પન્ન થાય છે, તે ઉપર રાજગૃહી નગરીના રહેવાસી ભીમાની કથા અવશ્ય જાણવા લાયક છે તે સંભાળ.

શ્રી રાજગૃહી નગરીમાં ભીમા નામે ક્ષત્રીય રહેતો હતો, જે ત્યાંના રાજ્યમાં નોકરી કરી પોતાની ફરજ અદા કરતો હતો અને પોતે કાર્યકુશળ પુરૂષ હોવાથી રાજાને પણ બહુ પસંદ પડી ગયો હતો. એક વખત પોતાના રાજાજીને અન્ય રાજા સાથે લડાઇ કરવા જવાનું થતાં ભીમાને રાજાજીની સાથે લડાઇમાં જવું પડ્યું, જ્યાં બાર વર્ષ સુધી લડાઇ ચાલી.

આ તરફ પછવાડે ભીમાના ઘરે ભીમાની સ્ત્રી એકલી હતી, જે પોતાના ભરથારને ઘણો સમય થઇ જવાથી પતિવિરહે અતિ દુઃખી બનીને મુશ્કેલીમાં દિવસો ગાળતી હતી,અને પોતાના પતિની રાહ જેમ ચાતક મેઘરાજની વાટ જોયા કરે તેમ જોયા કરતી હતી; તેમજ કોઇ પણ જોશીને કે મંત્રતંત્રવાળાને જોતી તો તુરત જ પોતાના પતિના આવાગમન માટે પ્રશ્ન પૂછયા કરતી હતી.

એક દિવસે માસખમણના પારણાવાળા કોઇ તપસ્વી મુનિમહારાજ ફરતાં ફરતાં ગોચરી અર્થે ત્યાં આવ્યા અને ધર્મલાભ કહીને ઉભા રહ્યા. તુરત જ ભીમાની સ્ત્રીએ બે હાથ જોડી વંદન કરી આંખમાં આંસુની ધારાસહિત 'પોતાને પતિનું વિરહદુઃખ બહુ સાલે છે' તેમ કહી 'પોતાનો

ભર્તાર ક્યારે આવશે?' તે પ્રશ્ન પૂછ્યો.

તે ભીમાની સ્ત્રીએ વિનંતિપૂર્વક મુનિમહારાજને કહ્યું કે- "હે મુનિવર! આપ તો ક્ષમાના સાગર છો, શાંત રસના ભરેલા છો અને દયાના પણ દરિયા છો, તો મ્હારા પ્રશ્નનો ઉત્તર જ્ઞાનબળવડે જાણી મને જરૂર કહેશો. હું લગભગ બાર વર્ષ થયા પતિવગરની એકલી મહાદુઃખી છું." એમ કહી બહુ જ રડવા લાગી.

તપસ્વી મુનિવર નિઃસ્પૃહી, નિર્માની અને અતિ દયાળુ હોવાથી તેમના હૃદયમાં તે બાઇની હકીકતથી દયા ઉપજી અને સારાસારનો વિચાર કર્યા વગર તેમજ મુનિવરનો શું ધર્મ છે તેનો ખ્યાલ કર્યા વગર માત્ર તે બાઇ બહુ દુઃખી સ્થિતિમાં આંસુ પાડી નિશાસા નાખ્યા કરે છે તેને શાંતિ ઉપજે તે કારણે જ્યોતિષવડે જોઇને કહ્યું કે- "હે બાઇ! કાંઇ ચિન્તા કરીશ નહિ, ત્હારા પતિ તને કાલે પ્રભાતે જરૂર મળશે." આમ કહીને મુનિરાજ તો ચાલ્યા ગયા.

પ્રિયતમ પ્રભાતે મળશે એવી મુનિના મુખથી મધુરી વાણી સાંભળીને ભીમાની સ્ત્રી બહુ જ હર્ષિત થઇ ગઇ અને એ હર્ષમાં તેમજ પોતાનો ભર્તાર સવારમાં આવશે એવા મનોરથમાં તેણે બહુ પ્રકારની તૈયારીઓ કરી અને પતિની વાટ જોઇ રહી. સાનુકૂળપણાને લઇને બીજા દિવસની પ્રભાતે જ તે ભીમો ક્ષત્રીય પોતાને ઘરે આવ્યો અને પોતાની સ્ત્રીને સ્નેહપૂર્વક મળી ખબર-અંતર પૂછવા લાગ્યો. ભીમાની સ્ત્રીએ પોતાના પતિને પ્રેમરસ ભરી મીઠી મીઠી વાતો કહી સંભળાવી, પોતાના પતિને જમવા માટે ઘણા પ્રકારની રસોઇ તૈયાર કરવી શરૂ કરી; તેમજ ભીમો પણ પોતાનાં સગાં-સ્નેહી મળવા આવતા હતા તેને પ્રેમથી મળીને સ્નાન વિગેરે કાર્યથી પરવારી જમવા માટે તૈયાર થઇને બેઠો. તે દરમિયાન તેણે રસોઇ કરતાં કરતાં પોતાની સ્ત્રીને વારંવાર ઘરની બહાર નીકળતાં અને કોઇની રાહ જોતી હોય તેમ ફરી ફરીને કંઇક કરતાં જોઇ તેથી તે સંપૂર્ણ વ્હેમમાં પડી ગયો. ભીમાની સ્ત્રી તો પેલા

મુનિવર કે જેણે સાચું નિમિત્ત કહેલ છે તે આવે તો તેમને વહોરાવું એ બુદ્ધિએ બહાર આવ-જા કર્યા કરતી હતી; પરંતુ ભીમાને તે બાબતની કાંઇ ખબર નહિ હોવાથી તે તો વધારે વધારે વ્હેમમાં પડતો ગયો.

મધ્યાહ્‌ન સમયે તે મુનિવર ગોચરી અર્થે ફરતાં ફરતાં તે બાઇના જોવામાં આવ્યા એટલે તેમને હર્ષપૂર્વક તેડી લાવી અન્નોદક વિગેરે વહોરાવ્યા. તે મુનિવરની આટલી ભક્તિ કરતી પોતાની સ્ત્રીને જોતાં વળી ભીમાના હૃદયમાં વિપરીત વિચારો ઉદ્‌ભવ્યા, તેથી મુનિરાજ તો વહોરીને હજુ ઉભા જ છે ત્યાં જ આવીને ક્રોધના સંપૂર્ણ આવેશમાં ભીમો પોતાની સ્ત્રીને પૂછવા લાગ્યો કે- "સાચેસાચું બોલ! તારે અને આ મુનિને આટલી બધી પ્રીતિ શા કારણે થઇ છે? જેવો હોય તેવો સાચો જવાબ અત્યારે આપી દે, નહિ તો આ તરવારવડે તને હમણાં જ મારી નાંખું છું." આ પ્રમાણે સાંભળતાં તે સ્ત્રીએ કહ્યું કે- "હે સ્વામી! આપને અહીંથી ગયા બાર બાર વર્ષ થઇ ગયા છતાં આપના આવવાના કાંઇ સમાચાર આવ્યા જ નહિ એટલે આપના વિરહનું દુઃખ મને બહુ જ થવા લાગ્યું, એથી હું કોઇ પણ જોશી કે મંત્ર-તંત્રનો જાણકાર મળી આવતો તો તેને આપના આગમનસંબંધી પ્રશ્ન પૂછયા કરતી હતી. તેમ પૂછતાં પૂછતાં અનાયાસે આ દયાળુ નિર્ગ્રંથ-તપસ્વી મુનિ ગઇકાલે ભિક્ષા અર્થે અહીં પધારેલા અને તેમની આગળ પણ મેં તેવો જ પ્રશ્ન કર્યો. તે સાંભળતાં જ તેમને દયા ઉપજી અને તુરત જ પોતાના જ્ઞાને કરીને કહ્યું કે- 'ત્હારો પતિ કાલે પ્રભાતે આવશે.' એમનું નિમિત્ત સત્ય પડવાથી મને બહુ શાંતિ થઇ તેમજ એ મુનિના કથન મુજબ આપનું બરાબર આગમન આજે થયું તેથી તે મુનિવરની ભક્તિ કરવાની મને બહુ જ અભિલાષા જાગી એ જ ફક્ત આ મુનિવરને પ્રેમપૂર્વક અન્નોદક આપવાનું કારણ છે, બાકી આ સિવાય હે નાથ! અન્ય બીજું કાંઇ પણ કારણ સમજશો નહિ, તેમજ કોઇ પણ પ્રકારના ખોટા તર્ક બાંધશો નહિ."

આ પ્રમાણે સાંભળીને ભીમાએ કહ્યું કેઃ- "હું એમ ને એમ તો

બીલકુલ માનું જ નહિ; પરંતુ આ મુનિવર જો પેલી આપણી સામે ઉભેલી ગર્ભવતી ઘોડી છે તેને શું આવશે. તેમજ તેને કેટલા તિલક-ચાંદલા હશે એ કહી બતાવે તો જ ત્હારી વાત સાચી માનું." મુનિ પણ આ વાત સાંભળી રહ્યા છે, તેઓ સારાસારનો વિચાર કર્યા વગર તેમજ આમાંથી પરિણામ લાભકારક કે હાનિકારક નીવડશે એનો પણ ખ્યાલ કર્યા વગર તુરત જ પોતાના નિમિત્તબળે બોલી ગયા કે- "આ ઘોડીને વછેરો આવશે અને તે પાંચ તિલકવાળો હશે." મુનિવરનું વચન સાચું છે કે કેમ? તે જાણવાની ખાતર તેમજ પોતાની સ્ત્રી પણ સાચી છે કે કેમ? તેની પરીક્ષાની ખાતર તુરત જ ભીમાએ તરવારના ઘાવડે તે ઘોડીને મારી નાંખી, જેમાંથી પાંચ તિલકવાળો વછેરો નીકળ્યો જે તરફડીયા મારીને તરત જ મરી ગયો.

મુનિવરનું કહેલું નિમિત્ત તો સાચું ઠર્યું એટલે ભીમાને તેની સ્ત્રીઉપરનો વ્હેમ તો તદ્દન દૂર થયો; પરંતુ સાહસ કરીને તરવારવડે ઘોડીને મારી નાંખી તેની સાથે વછેરાના પણ પ્રાણ ગયા એ બે જીવની હત્યાનું મહાન કલંક અને મોટું પાપ માથે આવી પડતાં મુનિને પશ્ચાત્તાપનો પાર રહ્યો નહિ. ભીમાની સ્ત્રીને પણ આવા પ્રકારનો કરૂણાજનક દેખાવ જોવાથી બહુ જ લજ્જા આવી અને વિચાર કરવા લાગી કે:- "ખરેખર, મને ધિક્કાર છે! અરે, મ્હારા નિમિત્તે આ ઘોડી અને વછેરાના પલકમાં પ્રાણ ગયા. એ મહાપાપથી હું ક્યારે છુટીશ? વળી આ પાપના પ્રતાપે હું ભવાંતરમાં ભટકીશ તો પણ આરો આવશે નહિ." એમ વિચાર કરતી અને અતિ ખેદ કરતી તેણે પોતાના મસ્તકપર પ્રહાર કરીને પ્રાણ ત્યાગ કર્યો. ભીમાએ પોતાની સ્ત્રીના અકાળ મૃત્યુથી નિશાસા નાંખ્યા અને બહુ જ અફસોસ સાથે કરેલા કૃત્યનો પસ્તાવો કરવા લાગ્યો ને વિચારવા લાગ્યો કે- "સ્ત્રીવગરનું જીવન નકામું છે, સ્ત્રીવગર ઘર શોભતું નથી, એટલે સ્ત્રીવગર મારે જીવીને પણ હવે શું કરવું?" આમ વિચારી પોતે પણ પોતાના પ્રાણ તજી દીધા. આ પ્રમાણે ઘોડી અને વછેરો, ભીમો અને

ભીમાની સ્ત્રી-એ ચાર જીવની હત્યા મુનિએ ફક્ત પોતાના નિમિત્તકથનથી થયેલી નજરે નિહાળતાં પોતાને પણ ઘણું જ દુઃખ થયું અને પોતે પણ ત્યાં પ્રાણત્યાગ કર્યો."

શ્રી દેવચંદ્ર ગુરૂમહારાજ કહે છે કે- "હે હેમ! સાંભળી લે અને વિચારી લે કે એક નિમિત્તના કહેવાથી પલકમાં પાંચ જીવની હત્યા બનવાનો પ્રસંગ આવી પડ્યો. આ ઉપરથી ખાસ સમજવાનું છે કે સાવદ્ય વચન મુનિએ ભાખવું નહિ, તેમજ મંત્ર-તંત્ર કે નિમિત્ત પણ કહેવું જ નહિ. આત્માર્થી શુદ્ધ સંયમરસિક મુનિવરોએ તો ગૃહસ્થનો વિશેષ પરિચય પણ કરવો નહિ એવી ભગવંતની આજ્ઞા છે." કહ્યું છે કેઃ-

મૂળ મુનિ જે આત્મગવેષી, ન કરે ગૃહસ્થનો સંગ;
જીહાં પરિચય તિહાં અવજ્ઞા, થાયે સમકિત ભંગ.

આ પ્રકારે હેમસૂરિને હિત-શિખામણ દ્રષ્ટાંત સાથે આપીને સમજાવ્યા બાદ ગુરૂમહારાજે કુમારપાળ રાજાને ઉદ્દેશીને કહ્યું કે- "હે રાજન્! જગતને ઋણરહિત કરવાની તમારી ભાવના ઉત્તમ છે, પરંતુ તમારા ભાગ્યમાં એ વસ્તુ જ નથી; માટે પુન્યવગર પ્રાપ્તિ થવી અસંભવિત સમજવી. તમે તો દેવભક્તિ, ગુરૂભક્તિ, સ્વામીભક્તિ, જીવદયાદિ અનેક સત્કાર્યો કરો છો તે જ વિશેષપણે કરતા રહો. તમારૂં આત્મકલ્યાણ એ પ્રકારે જ થશે." એ રીતે નિખાલસપણે સત્ય હકીકત ગુરૂમહારાજાએ બન્નેને સંભળાવી દીધી અને ત્યાંથી વિહાર કરી ગયા.

એક સમયે રાત્રિના કુમારપાળ ભૂપાળ સુખશાંતિમાં સૂતા હતા, તે વખતે એક દેવી તેમની પાસે આવીને ઉભી રહી અને તેમને જગાડીને બોલી કે- "હે રાજન! હું લુતા રોગની અધિષ્ઠાતા દેવી છું અને ત્હારા વંશમાં પૂર્વે અપાયેલા શ્રાપને લીધે ત્હારા શરીરમાં પ્રવેશ કરવાની છું." આમ કહીને તે દેવી અદૃશ્ય થઇ ગઇ. તે સાંભળીને રાજાએ ચિન્તામાં જ બાકીની રાત્રિ પસાર કરી. પ્રભાતમાં તે હકીકત હેમસૂરિ મહારાજને જણાવી. ગુરૂમહારાજે ધર્મ-સાધન કરવાનું કહ્યું અને 'ધર્મના પસાયે

સર્વ રીતે શાંતિ થશે' એમ જણાવ્યું.

સવારથી જ લુતાદેવીએ રાજાના શરીરમાં ઝીણી ઝીણી રાઇ રાઇ જેવડી ફોડકીયો કરી, જેને લીધે રાજાને ઘણી જ પીડા થવા લાગી અને અનુક્રમે તેની વેદના અસહ્ય થઇ પડવાથી મંત્રી-મ્હેતા-મુસદ્દીવર્ગે એકત્ર થઇને વિચાર કરી હુશિયાર વૈદ્યોને બોલાવ્યા અને એકદમ અનેક પ્રકારના ઉપચારો શરૂ કરાવ્યા પરંતુ દર્દનું જોર વધતું જ રહ્યું. જેમ જેમ દવાઓ થતી ગઇ તેમ તેમ વેદના ઉલટી વધવા લાગી, તેથી વૈદ્યો અને સહુ કોઇ મુંઝવણમાં પડી ગયા તેથી તેમણે હેમસૂરિ મહારાજને ખબર આપી અને તેડવા મોકલ્યા. ગુરૂમહારાજ આવ્યા અને રાજાના શરીરે બહુ પ્રકારની પીડા નિહાળી ગમે તે ઉપાયે રાજાનો વ્યાધિ નાબુદ થાય તેમ મંત્રી વિગેરેને જણાવ્યું. તે સાંભળીને મંત્રી વિગેરેએ કહ્યું કે- "મહારાજ! અમે તો ઘણા ઔષધ ઉપચાર કરી ચૂક્યા છીએ. અહીં હાજર રહેલા બાહોશ વૈદ્યોની સલાહ અનુસારે દવા કરવામાં કચાશ રાખી નથી, પરંતુ કાંઇ ફેર પડતો જ નથી માટે કૃપા કરી આપ કાંઇક ઉપાય કરો કે જેથી આ લુતા-રોગ દૂર થાય. હે ગુરૂજી! આપના સિવાય અન્ય કોઇ આ રોગ દૂર કરવા માટે સમર્થ પુરૂષ હોય એમ અમે જોતા નથી."

પછી હેમસૂરિમહારાજે સર્વ હકીકત સાંભળ્યા બાદ મંત્રી વિગેરેની સમક્ષ કહ્યું કે- "આને માટે એક જ ઉપાય સૂઝે છે અને તે એ છે કે આ પાટણની ગાદી ઉપર અન્ય કોઇને બેસાડવામાં આવે તો આ લુતારોગ રાજાના અંગમાંથી નીકળીને તે ગાદીએ બેસનારના શરીરમાં પ્રવેશ કરશે અને એ પ્રકારે રાજાના રોગની શાંતિ થશે; પરંતુ તેમ કરવાથી જે કોઇ ગાદીઉપર બેસે તેને આ રોગ વ્યાપે એમ હોવાથી તે રીતે કરવું પણ યુક્ત નથી અને બીજી તરફ જોતાં રાજાજીનો વ્યાધિ શાંત કર્યા સિવાય ચાલે તેમ નથી, માટે અન્ય કોઇને દુઃખમાં નાખવા કરતાં હું પોતે જ એ દુઃખ વ્હોરી લઉં." એમ કહેતાની સાથે જ રાજ્યગાદીઉપર પોતે બેસી ગયા.

આ પ્રમાણે પોતાને માટે પોતાના ગુણવંત ગુરૂએ આવી પીડા ભોગવવાનું સાહસ કરેલું જાણી કુમારપાળ હૃદયમાં બહુ જ ખેદ કરવા લાગ્યા અને વિનંતિપૂર્વક કહેવા લાગ્યા કે- "કૃપાળુ ગુરૂમહારાજ! મને આ રોગ મ્હારા કર્મે ઉદયમાં આવ્યો છે તો તે મ્હારે ભોગવ્યા સિવાય છુટકો નથી, માટે મ્હારા નિમિત્તે આપ કાંઇ પણ દુ:ખ વ્હોરી લેશો નહિ અને કૃપા કરી આ રાજ્યગાદીઉપર આપ બેસશો નહિ." જવાબમાં ગુરૂમહારાજે કહ્યું કે- "રાજાજી! આપ તે માટે કાંઇ ચિંતા કરશો નહિ. ધર્મ પસાયે સર્વ પ્રકારની શાંતિ થશે, તેમજ મારા રોગનું નિવારણ પણ થઇ જશે."

રાજા કુમારપાળના સ્થાનકે હેમસૂરિ મહારાજ બેઠા કે તરત જ લુતાદેવીએ રાજાના અંગમાંથી નીકળી જઇને ગુરૂના શરીરમાં પેસીને રાજાજીની માફક ગુરૂમહારાજના શરીરમાં ફોડકીયું કરીને પીડા ઉત્પન્ન કરી દીધી, જેથી તેમને મહાવેદના થવા લાગી. તરત જ તેને શાંત કરવા માટે તે રોગના નિવારણ અર્થે હેમસૂરિ મહારાજે એક કોળું મંગાવ્યું, જેમાં મંત્રબળે પોતે પેસીને અદ્રશ્યપણે તે રોગની અધિષ્ઠાતા લુતાદેવીને તે કોળામાં મૂકી તરત જ સૂરીશ્વર બહાર નીકળી ગયા અને તે કોળાને એક કુવામાં નંખાવ્યું કે તરત જ તે ફાટી ગયું એટલે તેમાંથી લુતાદેવી નગર બહાર ચાલી નીકળી.

આ રીતે શ્રી હેમસૂરિ મહારાજે કારણપડ્યે શ્રી જૈનશાસનની જાહોજલાલી વધારનાર કુમારપાળ રાજાની ખાતર પોતે કષ્ટ વેઠીને રાજાનો રોગ નિવારણ કરવાથી કુમારપાળ રાજા તેમનો મહાન્ ઉપકાર માનવા લાગ્યા અને ગુરૂમહારાજની તેમજ જૈન ધર્મની બહુ જ પ્રશંસા કરવા લાગ્યા. વિશેષ શાંતિને અર્થે જાચકોને દાન આપ્યું અને શ્રી જિનેશ્વરના મંદિરમાં પૂજા-મહોત્સવાદિ કાર્યો કરાવ્યા.

એક દિવસ હેમસૂરિ મહારાજ, કુમારપાળ રાજા તેમજ સર્વ સભાસમક્ષ વ્યાખાનમાં "યોગશાસ્ત્ર" વાંચતા હતા, જેમાં સ્ત્રી-ચરિત્રનો

અધિકાર આવતાં આવ્યું કે:-

સાયર નીર મળ્યા પણ જાય, નદી વાલુકા સંખ્યા થાય;
મેરૂપર્વત ત્રાજુએ તોલાય, નારિચરિત્ર તો નવિ સમજાય.

એ પ્રમાણે કહીને તેમણે સ્ત્રીચરિત્રઉપર કથા કહેવી શરૂ કરી.

શ્રીપુર નગરમાં શ્રીધર નામે વ્યવહારી વસતો હતો, તેને નાગિલા નામની સ્ત્રી હતી અને ધનદ નામે એક પુત્ર હતો, જેના વિવાહ તે જ નગરમાં પ્રિયંકર શેઠની પુત્રી શ્રીદેવી સાથે કરવામાં આવ્યો હતો. તે શ્રીદેવી જૈનધર્મમાં પ્રવીણ અને ભાવિક શુદ્ધ શ્રાવિકા હતી. કર્મસંયોગે સાસુ વહુને બન્યું નહિ તેથી હમેશાં ક્લેશ વધવા લાગ્યો અને શ્રીદેવીની સાસુ નાગિલા બહુ જ તુચ્છ વિચારની તેમજ દ્વેષીલી હોવાથી ખાવા-પીવામાં, ઓઢવા-પહેરવામાં તેમજ દરેક કામકાજમાં ટકટક કરવા લાગી અને નિરંતર વઢવાડ થવા લાગી; પરંતુ શ્રીદેવી ધર્મના સંસ્કારવાળી હોવાથી એક શબ્દ પણ સામો નહિ બોલતાં સમતાભાવે સર્વ સહન કરતી હતી. દરમિયાન એક વખત શ્રીદેવી ઘરમાંથી સંજવારી કાઢતી હતી તેમાં તેને એક હેમની વીંટી જડી, તે લઇ તેણે ઠેકાણાસર મૂકી દીધી; પરંતુ તે વીંટી શ્રીધર શેઠની ખોવાયેલી હોવાથી તેઓ આમ તેમ ગોતવા લાગ્યા છે એમ સાંભળ્યું કે તરત જ શ્રીદેવીએ જ્યાં મૂકી હતી ત્યાંથી લાવીને પોતાના સસરાપાસે હાજર કરી. આ વાત નાગિલાથી જરા પણ સહન થઇ શકી નહિ, તેથી તે શ્રીદેવી ઉપર એકદમ ક્રોધ કરી ઉતરી પડી અને કર્કશ વાણીથી બોલવા લાગી કે- "અમારા ઘરમાં તો હવે વહુએ ચોરી કરવા માંડી અને આવી રીતે વસ્તુ સંતાડવા માંડી, તેથી હવે ઘરની સાચવણ શી રીતે કરવી? આ વહુએ તો ઘરની શોભા ઘટે તેમ કરવા માંડ્યું છે." આ રીતે કહીને પોતાનો પુત્ર ધનદ ઘરે આવતાં તેને પણ આડુંઅવળું કહી બહુ જ ઉશ્કેર્યો, જેથી ધનદે ગુસ્સે થઇને પોતાની સ્ત્રીને ખુબ મારી. તેનાં મસ્તકમાં ભુંગલ વાગતાં શ્રીદેવી જમીનઉપર બેભાન અવસ્થામાં એકદમ પડી ગઇ. શ્રીદેવીનું પિયર ગામમાં જ હતું,

તેથી આ વાતની ખબર તેના માતાપિતાને પડતાં તેમના મનમાં બહુ જ દુ:ખ થયું. તેઓ શ્રીદેવીને પોતાને ઘરે તેડી લાવ્યા.

શ્રીદેવીને બહુ માર પડેલો હોવાથી તેમજ મસ્તકમાં પણ વધારે વાગેલું હોવાથી તેના માતાપિતાએ ઔષધ ઉપચાર કરાવ્યા અને પછી શાંતિથી સર્વ હકીકત પૂછવા માંડી. પ્રત્યુતરમાં શ્રીદેવીએ સર્વ હકીકત સત્યપણે કહી સંભળાવી, તેની સાથે પોતે ગંભીર અને ડાહી હોવાથી કહેવા લાગી કે- "મ્હારા માટે તમે કાંઇ કલેશ કરશો નહિ, તેમજ મ્હારા સાસરિયા પક્ષને પણ કાંઇ વઢશો નહિ. જૈનશાસ્ત્રની શૈલી મુજબ સુખ કે દુ:ખ સૌ સૌના કર્મે આવે છે, તે પ્રમાણે મ્હારા કર્મે કરીને મને આવું દુ:ખ આવી પડ્યું છે, તો તે મ્હારે ભોગવ્યા સિવાય છુટકો નથી. બાંધેલા કર્મને ભોગવ્યા સિવાય તેનાથી કોઇ છુટી શકતું નથી. જુઓ!

કીધાં કર્મ ન છુટે કોય, કર્મે નળને વીત્યું જોય;
હરિચંદે મૂકી પરહરી, તારા લોચન સાથે ઘરી.
મૃગાવતીને ગરૂડે હરી, ચંદનબાલા શેઠે ઘરી;
અચ્ચંકારી કર્મે નડી, શ્રેણિકને શિર નાડી પડી.
કર્મ અરૂણ હુઓ પાંગલો, બ્રહ્મદત્ત રાજા હુઓ આંધલો;
ખંધકતણી ઉતારી ખાલ, હરિખોવે ઋદ્ધિ રમણી બાળ.
કર્મે બાળ્યો ગજસુકુમાળ, સુકોશલ શિર વાઘણ ફાળ;
કર્મ ભોગવે સહુકો આપ, પુત્રી એમ સમજાવે બાપ.

ઘણાં ઔષધો કર્યાં છતાં શ્રીદેવીનું દર્દ તો વધતું જ ગયું, છતાં પણ પોતાના કર્મનો જ દોષ માની સમતાભાવે સહન કરી, હૃદયમાં વીતરાગ પ્રભુનું ધ્યાન ધરતી અંતે મરણ પામી. શ્રીદેવીના માતાપિતા ઘણો જ અફસોસ કરી રૂદન કરવા લાગ્યા. શ્રીદેવીના આવાં મરણથી શ્રીદેવીના પતિ ધનદને અને સાસુ નાગિલાને નગરમાં સર્વ સ્થળેથી ફીટકાર મળ્યો. જ્યાં જાય ત્યાં લોકો તેને નિંદવા લાગ્યા અને એના પરિણામે ધનદને કન્યા પણ કોઇએ આપી નહિ.

ધનદના પિતા શ્રીધર શેઠ આબરૂદાર ગૃહસ્થ હતા અને ધનદનું વેવિશાળ સહજમાં સારા ગૃહે થઇ જાય તેવા સાનુકૂળ સંજોગો હતા, છતાં આ વખતે તદ્દન વિપરીત જ બની ગયું અને કોઇએ કન્યા આપી નહિ. એવો અનુભવ અનુભવતાં શેઠને પોતાના દિલમાં પણ ઘણું જ દુઃખ થયું અને પુત્રને ફરી પરણાવવાની ચિન્તામાં જ હંમેશાં રહેવા લાગ્યા. છેવટે બહુ પ્રયાસે લાગવગ ચલાવી તેમજ મહેનત કરી દૂર દેશાવરથી એક કન્યા ગોતી લાવીને ધનદના લગ્ન કર્યા; તેનું નામ ઉમિયા હતું. તેણે ઘરમાં દાખલ થતાંની સાથે જ પોતાની સાસુ નાગિલાને દબાવવા માંડી તે એટલે સુધી કે નાગિલા દળવા-ખાંડવાનું કાંઇ કામ બતાવે તો ઉમિયા બીલકુલ કરે જ નહિ પણ ઉલટો જવાબ આપે કે તમારે મને કોઇ પણ કામ બતાવવું નહિ. આ રીતે સાસુ-વહુ વચ્ચે ખટપટ હંમેશાં ચાલવા માંડી, પણ ઉમિયા બરાબર માથાની મળેલી હોવાથી જે નાગિલા સાસુએ પોતાની પ્રથમની વહુ શ્રીદેવીને હેરાન કરી મરણને શરણ પહોંચાડી હતી અને જે સિંહણ જેવી વિકરાળ ગણાતી હતી તેને ઉમિયાએ પાંસરીદોર શિયાળણી જેવી કરી નાંખી, તેની સાથે પોતાના સાસુ તેમજ સસરાને બીલકુલ હિસાબમાં જ આખરે ગણ્યા નહિ. તેમ કરીને તે નિરાંતે બેઠી. શ્રીધર શેઠ અને ખાસ કરીને નાગિલાનું ચલણ ઘરમાં કાંઇ જ રહ્યું નહિ એટલે કંટાળીને ઘણાં દુઃખી અવસ્થામાં કાળાંતરે ગુજરી ગયા. હવે સ્ત્રી-ભરથાર આનંદથી રહેવા લાગ્યા.

ઉમિયાએ પોતાના ભરથારની ભક્તિ શરૂઆતથી જ બહુ પ્રકારે કરીને પોતાને વશ કરી લીધો, એટલે ધનદને પોતાની સ્ત્રીમાં અતિ રાગ થવાથી સંપૂર્ણ વિશ્વાસ થઇ ગયો; પરંતુ ઉમિયાનો પ્રેમ કૃત્રિમ હતો, તેના હાવભાવ જુદા પ્રકારના હતા. તે ઉપરથી ઘણો રાગ દેખાડતી; પરંતુ અંદરથી તે જુદી રમત રમતી હતી. છેવટે પોતાનો પતિ વશ થઇ જવાથી તેને હિસાબમાં નહિ ગણતાં તેણે ધીરે ધીરે પરપુરૂષ સાથે પ્રીતિ કરવા માંડી. ઉમિયાનો પતિ ધનદ બિચારો ભલો અને સરલ સ્વભાવનો હતો,

તેને ઉમિયાની અંદરની રમત જુદી જ છે તેનો ખ્યાલ ક્યાંથી હોય? તે તો ઉમિયાની ભક્તિ ને પ્રીતિ જોઇ ઘણો જ ખુશી થઇ જતો હતો અને હૃદયમાં સંતોષ માની ઉમિયાઉપર બહુ જ પ્રેમભાવ રાખતો હતો.

એક દિવસ ધનદે પોતાના મિત્ર સોમદેવની પાસે પણ પોતાની સ્ત્રીના બહુ જ વખાણ કર્યા અને કહ્યું કે- “મ્હારી સ્ત્રી ઉમિયા ખરેખર મહાગુણવંતી અને શિયળવંતી છે, તે પુન્યસંયોગે મને પ્રાપ્ત થઇ છે. તેની પ્રીતિ અને ભક્તિ મ્હારા ઉપર ઘણી જ છે. અત્યારે તો જેમ ચકવા-ચકવીની પ્રીતિ હોય તેવી પ્રીતિ અમો બન્ને વચ્ચે ચાલે છે. હે મિત્ર! વધારે શું કહું? પરંતુ ઉમિયાનો પ્રેમ અસાધારણ છે.” આ પ્રકારની એકતરફી બહુ જ તારીફ કરતો ધનદને સાંભળી સોમદેવથી રહેવાયું નહિ અને તે બોલ્યો કે- “ભાઇ! સ્ત્રીચરિત્ર ગહન છે, તેમાં આપણી તાકાત નથી કે આપણે તેનો પાર પામી શકીએ. એ તો કહે કાંઇ અને કરે કાંઇ, માટે ટુંકામાં કહું તો સ્ત્રીનો બહુ વિશ્વાસ કરવામાં સાર નથી. કહ્યું છે કેઃ-

સિંહણ, નાગણ, ડાકિણી, અગ્નિ, નિર, વિષ, ખાસ;
સોમદેવ કહે નારીનો, નવિ કીજે વિશ્વાસ.

આ પ્રમાણે કહીને વળી સોમદેવે ધનદને કહ્યું કે- “હે મિત્ર! તેમ છતાં પણ મ્હારી વાત માન્યામાં ન આવતી હોય તો અનુભવથી ખાત્રી કરવા હું તને કહું છું. તારે ઘરે જઇને તારી સ્ત્રીને કહેવું કે- “હું થોડા દિવસ માટે જરૂરના કામપ્રસંગે દેશાવર જવાનો છું, માટે તું એકલી ઘરે રહેજે.” આ ઉપરથી મિત્રનાં વચનની ખાતર અથવા તો અનુભવ કરવાની ખાતર ધનદે પોતાને ઘરે જઇને ઉમિયાને ઉપર જણાવ્યા મુજબ દેશાવર જવાની વાત કહી બતાવી, જે સાંભળતાં જ ઉમિયા અંદરખાને મનમાં તો ઘણી જ રાજી થઇ, પણ બહારના દેખાવથી અને ઉપરના ડોળથી હાવભાવ બતાવતી પોતાના પતિને દુઃખિત હૃદયથી કહેવા લાગી કે- “હે નાથ! હું કદિ પણ આપના વગર એકલી રહી નથી, તેથી આપના દેશાવર જવાના સમાચાર સાંભળી મને ઘણું દુઃખ ઉત્પન્ન થાય છે, અને

આપના વિરહને લઇને આપના ગયા પછી મ્હારે ન્હાવણ-ધોવણ, વિલેપન, ગીતગાન, મિષ્ટાન્ન, પાન-સોપારી, સુશોભિત વસ્ત્રો, આંખમાં આંજણ વિગેરે વસ્તુનો ત્યાગ છે, પરઘર ફરવું કે બાગમાં જવાનું પણ બંધ જ છે, માત્ર તપ, જપ, ક્રિયા કરી મ્હારા દુ:ખના દિવસો નિર્ગમન કરીશ; માટે કૃપા કરી કહું છું કે- હે સ્વામી! વહેલા વહેલા ઘરે પાછા પધારજો."

ઉમિયાનાં માયાવી વચનો છતાં ધનદે તો પ્રેમને લીધે તે સાચાં જ માન્યા અને સોમદેવ મિત્રની પાસે આવીને કહેવા લાગ્યો કે- "માત્ર દેશાવર જવાની વાત કાઢી તેમાં ઉમિયાને ઘણું જ દુ:ખ થઇ પડ્યું છે અને સારા વસ્ત્રો કે ઉત્તમ ભોજન પણ ઉમિયા ઇચ્છતી નથી, એવી એની પ્રીતિભક્તિ છે; છતાં ત્હારા વચનની ખાતર હું તો તેની પાસેથી રજા લઇને જ અહિં આવ્યો છું." સોમદેવ બધું સાંભળી રહ્યો અને જ્યારે રાત્રિ પડી ત્યારે બન્ને જણા ધનદના ઘરે ખાસ ઉમિયાની પરીક્ષા કરવા માટે છાનામાના આવ્યા તે વખતે ઉમિયા કોઇ પરપુરૂષની રાહ જોતી સતી ઘરનું દ્વાર ઉઘાડી બહાર નીકળીને આમતેમ જોયા કરતી હતી. તે સમયનો લાભ લઇ ગુપ્ત રીતે ધનદ ઘરમાં પેસીને એક બાજુ સંતાઇ રહ્યો અને શું બને છે તે જોવા આતુરતાથી ઉભો રહ્યો. થોડીવાર પછી તે નગરના કોટવાલનો પુત્ર રણધીર ગૃહદ્વાર ઉઘડાવી અંદર દાખલ થયો, જેને જોતાં જ ઉમિયા અતિ હર્ષિત થઇ ગઇ અને બહુ જ ભક્તિસાથે પ્રેમ પૂર્વક રણધીરને સ્નાન કરાવી, ભાતભાતની રસોઇ તૈયાર કરી આગ્રહપૂર્વક બન્ને જણા સાથે જમ્યા, તેમજ તાંબૂલાદિ ખાધા બાદ ઉમિયા સુંદર વસ્ત્રોથી સજ્જ થઇ સુગંધી તેલો વિગેરે વાપરી સંપૂર્ણ પ્રેમસાથે બન્ને એક સુંદર શય્યામાં સૂઇ રહ્યા.

આ સર્વ ચેષ્ટા ગુપ્ત રીતે જોતા ધનદને ઘણો ક્રોધ ચઢ્યો અને ઉમિયાનું આવું નીચ કૃત્ય નિહાળી ઉમિયા માટે જે ઉચ્ચ અભિપ્રાય અને અપ્રતિમ પ્રેમ હતો તે તદ્દન વિપરીત જ થઇ ગયો, તેમજ આવું અઘટિત કૃત્ય પોતાની દૃષ્ટિએ નહિ જોઇ શકવાથી બન્નેને હણી નાંખવા વિચાર

કર્યો; પણ સ્ત્રીહત્યાનું મહાપાપ યાદ આવવાથી વિચાર કરીને પોતાની સ્ત્રીસંગાથે જે જારપુરૂષ સૂતો હતો તે કોટવાળના સુત રણધીરનું મસ્તક તરવાર વડે ધીરે રહીને ઉડાવી દીધું. થોડીવારે ઉમિયા સૂતેલી હતી તે શય્યા ભીની લાગવાથી એકદમ જાગી ઉઠી અને પોતાની સાથે સૂતેલા કોટવાળના પુત્રનું શરીર અને ધડ જુદા જોઇને તેને કોઇએ મારી નાંખ્યો તેમ તે સમજી ગઇ; પરંતુ તેથી લગાર પણ નહિ ગભરાતાં હિમ્મતપૂર્વક તેને ઉપાડીને રાત્રે ને રાત્રે એક કુવામાં નાખી દીધો.

આ સ્ત્રીચરિત્રની હકીકત સંભળાવતાં હેમસૂરિમહારાજ કુમારપાળને કહેવા લાગ્યા કે- "હે રાજન! સૂર્ય, ચંદ્ર, અને તારામંડળની હકીકત જાણવી હોય તો જાણી શકાય છે, પરંતુ સ્ત્રીચરિત્ર તો અકળ અને અગમ્ય છે." ત્યારબાદ તે ઉમિયા ક્ષીર, ખાંડ અને બલિબાકુળાનો થાળ ભરી જ્યાં ભૂત-પ્રેત આદિનો વાસ છે એવા ભયંકર સ્મશાન તરફ રાત્રિને સમયે ચાલી નીકળી. પાછળ ધનદ પણ છાની રીતે ઉમિયા શું કરે છે તે જોવા માટે ચાલ્યો.

શૂન્યકાર સ્મશાનની અંદર રાત્રિના વખતે પાકા હૃદયના પુરૂષને પણ એક વાર જવું હોય તો વિચાર થઇ પડે, એવા ભયાનક સ્થળમાં ઉમિયા લગાર પણ બીકવગર એકદમ પહોંચી અને નજીકમાં આવેલ એક ડુંગરની ગુફામાં પેઠી, જ્યાં ચોસઠ યોગિણીઓ ક્રીડા અર્થે એકત્ર થયેલ હતી. તેમને નમસ્કાર કરીને વિનંતિ કરવા લાગી. અહીં ધનદ પણ ગુપ્ત રીતે ગુફામાં દાખલ થઇ ઉમિયાની ચેષ્ટા જોવા લાગ્યો.

ઉમિયાએ લાવેલો થાળ તેમની પાસે મૂક્યો, એટલે દેવીઓ પૈકીની અગ્ર દેવીએ આશિષ આપી અને મનકામના સિદ્ધ થવાનું વરદાન આપ્યું. તરત જ ઉમિયા બોલી કે- "હે માતાજી! મ્હારૂં કામ કાંઇ સિદ્ધ થયું નહિ. મ્હારે એક પુરૂષ સાથે અપ્રતિમ પ્રેમ હતો તેને તો કોઇએ આજ રાત્રિએ મરણને શરણ પહોંચાડી દીધો છે, તેથી કૃપા કરી માતાજી! મને એક એવી વિદ્યા આપો કે રાત્રિના સમયે જ્યારે મ્હારી મરજી થાય

ત્યારે હું વૃક્ષ ઉપર બેસી જ્યાં જવું હોય ત્યાં ઉડીને જઉં અને એની સાથે એવી વિદ્યા પણ આપજો કે હું કોઇથી હણાઉં નહિ. આ પ્રકારની મ્હારી વિનંતિ સ્વીકારી મને સંતુષ્ટ કરો, જેથી હું હમેશાં જગતમાં સ્વેચ્છાએ વિચરી વિવિધ પુરૂષોની સાથે મનમાન્યા ખેલ ખેલું." તેના જવાબમાં માતાજીએ કહ્યું કે- "આ કામ માટે એક પુરૂષનું બળિદાન આપવાથી કાર્યસિદ્ધિ થઇ શકશે." એટલે ઉમિયા બોલી કે- "માતાજી! તે માટે મને અંજનવિદ્યા આપો જેથી મ્હારા પતિને વશ કરી તેને મારીને આપની સેવામાં એનું બલિદાન હું હાજર કરી શકું." દેવીએ ઉમિયાની વિનંતિ સ્વીકારીને તે વિદ્યા અર્પણ કરી, જે લઇને તે પોતાને ઘરે તરત જ આવીને હાજર થઇ ગઇ.

ધનદે પોતાની સ્ત્રીનું આવા પ્રકારનું વર્તન જોઇ તેમજ પોતાને મારી નાંખીને બલિદાન આપવાનું સાંભળેલું હોઇને તે તો ઘણો જ વિચારમાં પડી ગયો અને ત્યાંથી રવાના થઇ પોતાને ઘરે નહિ જતાં પરભાર્યો પોતાના સ્નેહી મિત્ર સોમદેવને ઘરે ગયો અને મિત્રને કહ્યું કે- "હું જીવનપર્યંત મ્હારા ઘર સામુ મુદ્દલ જોવાનો નથી, કારણ કે ઉમિયાએ દેવીપાસે કહેલા મ્હારો ઘાટ ઘડવાના શબ્દો સંભારતાં મ્હારૂં હૃદય ધ્રુજી ઉઠે છે. ખરેખર! મને ઉમિયાની બહુ જ બીક લાગે છે." તેમ કહી રાત્રિએ જોયેલ ઉમિયાની સર્વ બીના સોમદેવને કહી સંભળાવી. સોમદેવે કહ્યું કે- "ભલે ત્હારી મરજી તેમ છે તો પણ મ્હારી એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તારે ત્હારી પાસે ધનની જરૂર હરવખત રહેશે, માટે એક વખત ઘરે જઇને ગમે તે પ્રકારે દ્રવ્ય લઇને નીકળી જવું યોગ્ય છે; કારણ કે ધનવગર કાંઇ પણ કાર્ય થઇ શકતું નથી. કહ્યું છે કેઃ-

ચૌદહ વિદ્યા સાથ, હાથ મૂરખને જોડે,
વરસે હુઓ વૃદ્ધ, બાળની ઓલગ દોડે;
રૂપે હોય સુરૂપ, કુરૂપને ખાંધે ચડાવે,
જેહના કુળ અતિ ઉંચ, નીચને શીશ નમાવે;

પૂજનિક સઘળી નાતનો, પાય પડે પાપીતણે,
છે દાસ સહુ લચ્છીતણા, ધનવિણ સહુએ અવગણે.

મિત્ર સોમદેવ ની શિખામણ માન્ય રાખી ધનદ પોતાને ઘરે ગયો અને ઉમિયાથી ચેતીને આખો દિવસ પસાર કરી રાત્રિએ ઘરમાંથી તમામ દ્રવ્ય લઇ દેશાંતર જવા ચાલી નીકળ્યો. મુસાફરી દરમિયાન ધનદને એક સિદ્ધપુરૂષ મળ્યો. તેણે ધનદને કહ્યું કે- "ભાઇ! હું સુવર્ણ સિદ્ધિ વિદ્યાની સાધના કરવા બેઠો છું, પરંતુ તેમાં પ્રથમ ધનની જરૂર ખાસ પડે છે, તે મ્હારી પાસે નહિ હોવાથી હું વિદ્યા સાધી શકતો નથી અને તે માટે ચિંતામાં ફર્યા કરૂં છું." તે પ્રમાણેની હકીકત સાંભળી ધનદે કહ્યું કે- "હે સિદ્ધપુરૂષ! મ્હારી પાસે દ્રવ્યની ગાંસડી આ રહી, તેમાંથી જોઇએ તેટલું ધન લઇ તમે સુખેથી તમારી વિદ્યા સિદ્ધ કરો." તરત જ ધન લઇને સર્વ પ્રકારે ક્રિયા-વિધિ એકાગ્રચિત્તથી કરતાં તે સિદ્ધપુરૂષને સુવર્ણસિદ્ધિ કરવાની વિદ્યા સિદ્ધ થઇ, એટલે ધનદનો મહાઉપકાર માની તે સિદ્ધપુરૂષ ધનદના પગમાં પડી વિનંતિ કરવા લાગ્યો કે- "હે દયાળુ! કૃપા કરીને આપને જે જોઇએ તે માગી લ્યો." જવાબમાં ધનદે 'કાંઇપણ જરૂર નથી' તેમ કહ્યા છતાં ધનદને એક વિદ્યા તે સિદ્ધપુરૂષે અર્પણ કરી કે જેના પ્રતાપે ત્રણે કાળનું જાણી શકાય. તેના બહુ આગ્રહથી તેનો સ્વીકાર કરી ધનદ ત્યાંથી ચાલતો થયો.

માર્ગે ચાલતાં એક સ્થળે શાંત મુનિરાજને ધનદે જોયા કે તરત જ ત્યાં જઇ તેમના દર્શન-વંદન કરી તેમની પાસે પોતાનાં કરેલાં પાપની તેમાં પણ મુખ્યત્વે કરીને પોતાના હસ્તથી પોતાની પ્રથમની સ્ત્રી શ્રીદેવીની અને બીજી વખતની સ્ત્રીસાથે ચારી કરનાર કોટવાળના પુત્ર રણધીરની હત્યા થયેલ તે બે હત્યાના પાપના નિવારણ માટે ગુરૂમહારાજને વિનંતીપૂર્વક શાંતપણે પૂછ્યું એટલે મુનિમહારાજે તેને વીતરાગકથિત શ્રી જૈનધર્મનો માર્ગ બતાવ્યો, નવકારમંત્ર શીખડાવ્યો, તે સાથે તેનો અપૂર્વ મહિમા કહી સંભળાવ્યો અને શ્રી શત્રુંજય તીર્થનો અપૂર્વ મહિમા

પણ કહી બતાવ્યો જે સાંભળીને ધનદે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી, શ્રી આદીશ્વર પ્રભુને ભેટી, બાકીનો સમય પ્રભુપૂજા, ગુરૂભક્તિ અને જ્ઞાનધ્યાનમાં સમતા ભાવે રહીને કાઢ્યો; પરંતુ સ્ત્રીચરિત્ર નજરે નિહાળવાથી પોતાના ઘરે તો ગયો જ નહિ."

આ પ્રમાણે સ્ત્રીચરિત્રનો અધિકાર સંભળાવ્યા બાદ હેમસૂરિમહારાજ કહેવા લાગ્યા કે- "હે રાજા કુમારપાળ! નારી ચરિત્ર અકળ છે, અગમ્ય છે, અપાર છે. પરદેશી રાજા, મુંજ રાજા, ભર્તૃહરી, જમદગ્નિ તાપસ ઇત્યાદિને નારીના પાસમાં પડતાં હેરાન થઇ જવું પડ્યું છે, માટે આ હકીકતના સારરૂપે સમજવાનું એ છે કે-સ્ત્રીચરિત્રની વાર્તા વર્ણવી જાય તેમ નથી."

આ પ્રમાણે સ્ત્રીચરિત્રનો અધિકાર સાંભળી રહ્યા બાદ કુમારપાળ રાજાએ કહ્યું કે- "હે ગુરૂમહારાજ! જે હકીકત આપે વર્ણવી તે બાબતમાં મ્હારૂં મન તો શંકા ખાય છે અને હું તો ભાર દઇને જણાવું છું કે એક કીડીસમાન સ્ત્રી, હસ્તીસમાન પુરૂષને ગળી જાય એ જરા પણ હૈયે બેસતું નથી. અરે! નરની આગળ બિચારી નારી શું હિસાબમાં છે? અરે! તે રાંક જાતિ અબળાનું શું બળ છે કે તમોએ સ્ત્રીચરિત્ર અગમ્ય અને અકળ કહી દીધું? વાસ્તે એ સંબંધમાં મારી શંકા દૂર થતી નથી."

હેમસૂરિમહારાજે કુમારપાળનો જવાબ સાંભળી નિર્ણય કર્યો કે- 'કાંઇ પણ ચમત્કાર બતાવ્યા સિવાય અગર તો રાજાજીને અનુભવ રસ ચખાડ્યા સિવાય તેમના મનની શંકા દૂર થવાની નથી.' એટલે ગુરૂમહારાજે એકાંત સ્થળમાં બેસી ચક્રેશ્વરી દેવીની આરાધના કરી વિનંતિપૂર્વક નિવેદન કર્યું કે- "હે દેવી! સ્ત્રીચરિત્રનો અધિકાર સાંભળી રાજાના દિલમાં તે વસ્તુ બરાબર ઠસતી નથી અને તેના મનમાં શંકા ઉત્પન્ન થઇ છે કે કીડી તે વળી કુંજરને ગળી શકતી હશે? માટે એવો કોઇ ઉપાય બતાવો કે જેથી રાજા કુમારપાળના મનનું સમાધાન થઇ જાય." આ પ્રમાણે સાંભળી ચક્રેશ્વરી દેવીએ કહ્યું કે- "આજથી આઠ દિવસ પછી આ

પાટણનગરીમાં એક શેઠનું મૃત્યુ થવાનું છે, તે પ્રસંગે શેઠની સ્ત્રી સતી થવા જતાં રાજા કુમારપાળને સ્ત્રીચરિત્ર જાણવાનો અવસર બરાબર પ્રાપ્ત થશે અને બધું ઠીક થઇ જશે." આમ કહીને દેવી અંતર્ધાન થઇ ગઇ.

બરાબર આઠમે દિવસે પાટણનગરીમાં એક શેઠનું મરણ થયું, જેની પછવાડે શેઠની સ્ત્રીએ સતી થવાનું જાહેર કર્યું. એટલે કે શેઠની સાથે ચિતામાં બળી મરવાનું અંગીકાર કર્યું, જે વાત આખા શહેરમાં ફેલાતાં નગરના તમામ લોકો, કુમારપાળ ભૂપાળ અને પ્રધાનમંડળ સર્વે આ બનાવ જોવા માટે ત્યાં આવ્યા; પરંતુ તે સમયે સાંજ પડી ગઇ હતી અને રાત્રિ પડવાની તૈયારી હતી, જેથી રાજાએ રાત્રિની અંદર સતી થવાનું કાર્ય બંધ રાખવાનો હુકમ ફરમાવ્યો અને બીજા દિવસઉપર આ કાર્ય કરવાનું જાહેર કર્યું જેથી ત્યાં આવેલા સર્વે લોકો વિખરાઇને પોતપોતાને ઘરે આવ્યા. ફક્ત જે સ્ત્રી સતી થવાની હતી તે એકલી શેઠનું શબ લઇને રાત્રિએ ત્યાં જ બેસી રહી. કૌતુક જોવાને અર્થે રાજા કુમારપાળ મધ્યરાત્રિએ હાથમાં ખડ્ગ લઇને પોતાના મહેલમાંથી નીકળી ગુપ્તપણે જ્યાં તે સ્ત્રી બેઠી હતી તે સ્થળે આવી એક બાજુ સંતાઇને ઉભા રહ્યા. બરાબર રાત્રિનો મધ્યસમય થયો હતો તેવે વખતે સંગીતનો મધુર સ્વર તે સ્ત્રીના કાનઉપર અથડાવા લાગ્યો અને જેમ જેમ સરસ આલાપમાં ગાયનનો રસ આવતો ગયો તેમ તેમ તે સ્ત્રીનું ચિત્ત વિહ્વળ થવા લાગ્યું.

ખરેખર જગતમાં નાદથકી નરનારી મોહાઇ જાય છે, નાદવડે દેવો પણ સ્થંભી જાય છે, નાદવડે દુઃખીજનોના દિવસો વ્યતીત થઇ જાય છે, આ નાદમાં લયલીન બનીને મૃગલાઓ પ્રાણ સમર્પણ કરી નાખે છે. આવા પ્રકારનો અદ્‌ભુત નાદ તે શેઠની સ્ત્રીએ સાંભળ્યો કે તુરત જ જે સ્થળેથી તે મધુર સ્વર આવતો હતો ત્યાં એકદમ પહોંચી અને એક મહાદેવના મંદિરમાં પાંગળા માણસને સુંદર રાગ આલાપતો જોયો. જેમ

જેમ સંગીતનો રસ મીઠો લાગ્યો તેમ તેમ તે સ્ત્રીનું મન ડામાડોળ થવા લાગ્યું અને આખરે જે સ્ત્રી સવારે તો પોતાના સ્વામી પાછળ સતી થવા બહાર આવી છે તે સ્ત્રીએ નાદને વશ થઇ પેલા પાંગળા માણસને પ્રેમને માટે પ્રાર્થના કરી.

પ્રસંગોપાત્ કવિ ઋષભદાસ શિખામણ આપે છે કે- "મહાનુભાવો! નાદ વડે આવા પ્રકારના અનર્થમાં ઉતરવું પડે છે, માટે શિયળ-વ્રતને ધારણ કરનારાઓએ નાદને વર્જવો જરૂરનો છે, તેમજ કોઇની સાથે એકાંતમાં આલાપ પણ કરવો ચુક્ત નથી.

શાસ્ત્રોમાંહિ કહ્યું છે જોય, કોઇક ટાલીયો નિર્ધન હોય;
કોઇક મૂરખ નર દંતાલ, કોઇક કાણો નર સુકુમાળ.
કોઇક ગીતવતી હુવે સતી, તેણે નાદે નવિ ખેદે જતી;
બ્રહ્મચારી નર સ્ત્રી અવગુણે, ન કરે રાગ ન કાંઇ સુણે.

નાદવડે વિહ્વળ બની ગયેલી તે સ્ત્રીની આજીજીપૂર્વકની આવી દુષ્ટ માગણી સાંભળી તે પંગુ બોલ્યો કે- "હે સતી થવાની અભિલાષાવાળી સ્ત્રી! તું રૂપવતી અને કુલીન થઇ મને રંક પાંગળાને આવી રીતે પ્રાર્થના કરે છે એ બીલકુલ ઘટિત નથી. હું તો રૂપહીણ છું, કાયા પણ ક્ષીણ થઇ ગયેલી છે અને રોગથી ભરેલી છે, તેની સાથે ભોગ ભોગવવા તું ઇચ્છા કરે છે એ તને શોભતું નથી." આવા પંગુના શબ્દો વારંવાર સાંભળ્યા છતાં તે સ્ત્રીએ વારંવાર દીનવદને કહેવાથી છેવટે બન્ને પ્રેમમાં લુબ્ધ બની ગયા અને આનંદમાં રાત્રિ પસાર કરી. રાજા કુમારપાળ કે જે મધ્યરાત્રિએ ખાસ સ્ત્રીચરિત્ર જોવા અહીં ગુપ્તપણે આવેલા હતા તેમણે આ સર્વ હકીકત ખાનગી રીતે-છુપાઇને નજરોનજર જોઇ લીધી. તે હવે પોતાના મન સાથે ઉંડો વિચાર કરવા લાગ્યો કે- "અહો! સ્ત્રીચરિત્ર તો અગમ્ય અને અકળ છે ખરેખર! જગતમાં કામદેવને જીતવો એ મહા કઠીણમાં કઠીણ કામ છે. કહ્યું છે કેઃ-

રણસંગ્રામે પાળા ધસે, સિંહ દેખી નવિ પાછા ખસે;

પણ તેણે કામ ન જીત્યો જાય, સ્ત્રી આગળ તે છાલી થાય.
પંચાગ્નિ નર સાધે જેહ, કરવત કાયા ષ્ટે દેહ;
મસ્તક ઉંધે લટકે વળી, સ્ત્રી સંગે તે જાયે ગળી.
આતાપના લીયે બારે માસ, જે નરનો વનમાંહે વાસ;
મહાતપીઓ ખટ મહીને જમે, તે પણ નારી વચને નમે.

હવે પ્રભાતે જે સ્થળે શેઠની સ્ત્રી શબ લઇને સતી થવા માટે તૈયાર થઇ રહેલી છે ત્યાં હજારો લોકો જોવા માટે એકત્ર થયા. પેલી સ્ત્રી અગ્નિમાં પ્રવેશ કરી શેઠની ચિતામાં સાથે જ મરવાની તૈયારી કરવા લાગી. તે વખતે કુમારપાળ ભૂપાળે તે બાઇને સમજાવવા નિમિત્તે કહ્યું કે- "અરે બાઇ! તું શામાટે અગ્નિમાં બળીને પ્રાણ ત્યાગ કરે છે? તેમ કરવાથી કાંઇ કાર્યસિદ્ધિ થતી નથી." તેના જવાબમાં તે સ્ત્રીએ કહ્યું કે- 'મ્હારા પતિનો વિયોગ મને અસહ્ય છે, એટલે મ્હારે જીવીને હવે શું કરવું? રાજાજી! કૃપા કરી મને આજ્ઞા આપો, જરા પણ વિલંબ કરો નહિ. મ્હારે તો મ્હારા ભર્તાર સાથે જ બળીને સતી થઇ ગમે તે પ્રકારે તેમની સાથે જ જવું છે ને ભેળા થવું છે." આ રીતે તે સ્ત્રી જ્યારે કોઇ રીતે સમજાવ્યાથી સમજતી નથી અને ઘણું ઘણું કહ્યા છતાં માનતી નથી, ત્યારે રાજાએ તે બાઇને ખાનગી રીતે કાનમાં વાત કરી કહ્યું કે- "અરે હઠીલી બાઇ! હવે ત્હારા સતીપણાનો ડોળ છોડી દે અને બળી મરવાની વાત મૂકી દે. ગઇ રાત્રિએ એક કંગાલ અને રોગીષ્ટ પાંગળાની સાથે કામક્રીડા કરીને શિયળથી ભ્રષ્ટ થઇ અત્યારે શુદ્ધ સતીનો દંભ દાખવે છે એ મ્હારી પાસે શી રીતે ચાલશે? ત્હારી વાત મેં મ્હારી જાતે જ જોયેલ છે, માટે હું ગુપ્તપણે એકાંતમાં તને કહું છું કે સતી થવાની વાત જાવા દે અને સમજીને ઘર ભેગી થઇ જા."

આ પ્રમાણે કુમારપાળ રાજા ગુપ્ત હકીકત તે સ્ત્રીને કહી રહ્યા કે તુરત જ તે સ્ત્રી લોકસમુદાયની વચ્ચે એકદમ મોટા અવાજે પોકારી ઉઠી કે- "હે લોકો! સાંભળો! આ તો પાણીમાંથી અગ્નિ પ્રગટ થાય, ચંદનમાંથી

દુર્ગંધ નીકળે, ચંદ્રમાંથી અંગારા વરસે, સિંહણ થઇ ભુંડને જન્મ આપે, સસલાને શીંગડા ઉગે અને સોનું શ્યામ બની જાય તે પ્રમાણે અસંભવિત વાત આપણા પાટણ શહેરના રાજા કુમારપાળની આજે જાણી લેવાની છે. તે રાજા એકાંતમાં ગુપ્તપણે કાનમાં મને સમજાવે છે કે- 'તું સતી થવાનું છોડી દે અને મ્હારી પટ્ટરાણી તરીકે મ્હારા રાજમહેલમાં આવી જા.' આ પ્રકારની પ્રાર્થના રાજાજી મને કરે છે, પરંતુ હું શિયળવંતી સતી સ્ત્રી કોઇ પણ પ્રકારે મ્હારૂં શિયળવ્રત ચૂકવાની નથી." એમ કહી પોતાના પતિની ચિતામાં ઝંપાપાત કરીને તે સ્ત્રી તો તુરત જ બળીને ભસ્મ થઇ ગઇ.

તે સ્ત્રી તો બળી ગઇ પરંતુ કુમારપાળ રાજા ઉપર કલંક મૂકતી ગઇ, જે આખા નગરમાં ફેલાતાં લોકો અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા, તેમજ રાજા કુમારપાળ પણ આવું મહાન્ કલંક માથે આવવાથી શરમિંદા બનીને પોતાના મ્હેલમાંથી બહાર પણ આવતાં અચકાવા લાગ્યા.

શ્રી હેમસૂરિમહારાજના જાણવામાં આવ્યું કે- રાજા કુમારપાળ સ્ત્રીચરિત્રના ઝપાટામાં સપડાઇ ગયા છે અને મહાન્ કલંક આવી પડવાથી રાજમહેલની બહાર પણ નીકળી શકતા નથી તેથી કરીને હવે કોઇ પ્રયાસે રાજાજીને કલંકરહિત કરીએ તો ઠીક ગણાય. તેમ વિચારી ગુરૂમહારાજે કુમારપાળને પોતાની પાસે માણસ મોકલી તેડાવ્યા. તુરત જ રાજા ગુરૂપાસે આવી વંદન કરી યોગ્ય સ્થાનકે બેઠા, એટલે સૂરિમહારાજે પૂછ્યું કે- "કેમ રાજાજી! મારૂં વચન જૂઠું થયું કે સાચું? સ્ત્રીચરિત્ર જોયું? હવે શંકા રહી છે?" આ પ્રમાણે સાંભળતાં જ કુમારપાળે ખેદસહિત કહ્યું કે- "મહારાજ! આપના વચનમાં શંકા કરવાથી અને આપનું વચન નહિ માનવાથી હું મહાકષ્ટમાં આવી પડ્યો છું, તેમજ ખરેખર મારી ઘણા સમયની મેળવેલી આબરૂઉપર પાણી ફરી વળ્યું છે. અત્યારે જનસમૂહની વચ્ચે ઉભા રહેતાં મને બહુ જ શરમ આવે છે. તે શેઠની સ્ત્રી સ્ત્રીચરિત્ર કેળવી મને સર્વસમક્ષ કલંક ચોંટાડી મહાઅનર્થનું

કાર્ય કરીને ચાલી ગઇ છે."

ઘણા દિવસની ભેળી લાજ, તે મેં ખોઇ સઘળી આજ;
ચઢ્યું નીર પાછું ઉતર્યુ, જો તુજ વચન નવ હૈયે ધર્યું.
તમે ભાખ્યું તે સાચું સોય, સ્ત્રીચરિત્ર ન બૂઝે કોય;
જો બૂઝે તો યોગી હોય, કે મ્હારી પરે મહિમા ખોય.

આમ કહી કુમારપાળ ભૂપાળે બહુ જ પસ્તાવો કર્યો અને કહ્યું કે- "હે સૂરિજી! આપે જે કહ્યું તે સત્ય જ છે અને મેં તેનો જાતિઅનુભવ ખાસ કરી લીધો છે."

સમય ઓળખી કોઇ પણ પ્રકારે કુમારપાળનું મન ઉદાસ થયેલું છે તે શાંત કરવું કે જેથી તે ધર્મમાં સ્થિર થાય અને વળી તેની કીર્તિ વધે તેમ વિચારી હેમસૂરિમહારાજે તે જ વખતે પાટણનગરીની સર્વ પ્રજાને તેડાવી સામાન્ય ઉપદેશ આપવો શરૂ કર્યો અને વ્યાખાનના રસમાં પ્રસંગ આવ્યે જણાવ્યું કે- "હે લોકો! જે પેલી સ્ત્રી બળતાં બળતાં રાજાજીઉપર કલંક મૂકી ગઇ છે તે બીના તદ્દન તર્કટી અને જૂઠી તે બાઇએ રચી કાઢી છે. સત્ય હકીકત એવી બની હતી કે- 'તે શેઠની સ્ત્રીએ રાત્રિના સમયે એક પંગુસાથે પ્રેમની પ્રાર્થના કરી કુકર્મ કર્યું હતુ, જે રાજાજીએ મધ્યરાત્રે ખાસ સ્ત્રીચરિત્ર જોવાની ખાતર ગુપ્તપણે ત્યાં જતાં અનાયાસે જોયું હતું, તેથી સવારે તે બાઇ સતી થવા લાગી ત્યારે તેને બહુ પ્રકારે સમજાવી અને જ્યારે તેણે કોઇ રીતે માન્યું નહિ ત્યારે રાજાએ તેના કાનમાં રાત્રિની પંગુસાથેની બીના કહી બતાવી જે સાંભળતાં જ તે બાઇએ સ્ત્રીચરિત્ર કેળવી રાજાજીઉપર ખોટું કલંક મૂકી અગ્નિમાં ઝંપાપાત કરી નાખ્યો."

આ પ્રમાણે સૂરિમહારાજે કહ્યું, પરંતુ પુરજનોના માનવામાં આ વાત બરાબર આવી નહીં, તેથી સર્વેએ મળીને કહ્યું કે- "સાહેબ! જો આપ કહો છો તે પ્રમાણે બન્યું હોય તો હજુ પેલો પંગુ હયાત છે તેને અહિં લાવો અને તેની પાસે ખાત્રી કરાવો." આ રીતે વ્યાજબી દલીલ

લોકસમુદાયે કરવાથી તુરત જ માણસ મોકલી તે પાંગળા માણસને સભા વચ્ચે બોલાવ્યો અને હેમસૂરિમહારાજે કહ્યું કે- "અરે પંગુ! પૂર્વભવના પાપના ઉદયે કરીને તું પાંગળો થયો છું અને આ ભવમાં પણ જૂઠું બોલી પાપને વધારતો જઇશ તો આગળ પણ દુઃખ જ રહેશે, માટે હું શિખામણ આપી સરળતાથી જણાવું છું કે-તે રાત્રિએ મંદિરમાં તું ગાયન ગાતો હતો તે વખતે પેલી શેઠની સ્ત્રી સતી થઇ બળી મુઇ તેણે તારી સાથે કેવું આચરણ આદર્યું હતું તે સાચેસાચું કહી દે." આ પ્રમાણે પૂછતાં જ તે પાંગલા માણસે રાત્રિએ જે સત્ય હકીકત બની હતી તે અક્ષરેઅક્ષર કહી સંભળાવી, જે સાંભળી સર્વ લોકોનાં મન શંકારહિત થઇ ગયા અને કુમારપાળ ભૂપાળના વખાણ કરતાં સહુ કોઇ પોતપોતાને સ્થાને ગયા. રાજા કુમારપાળે ગુરૂમહારાજનો ઉપકાર માન્યો અને સ્ત્રીચરિત્ર અકળ, અગમ્ય અને અપાર છે એ પ્રત્યક્ષ-પ્રમાણથી જાણી લીધું.

આ રીતે પોતાના સ્તકાર્યથી કુમારપાળ ભૂપાળ (૧) વિચારચતુર્મુખ, (૨) રાજઋષિ, (૩) જીવિતદાની અને (૪) જીમૂતવાહન- એ પ્રમાણે ચાર બિરૂદસાથે ઘણી પ્રસિદ્ધિ પામ્યા અને નિરંતર રાજકાર્ય તેમજ ધર્મકાર્ય કરતાં અનુક્રમે વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા.

એક દિવસે હેમસૂરિમહારાજને કુમારપાળ રાજાએ પૂછયું કે- "હે સ્વામી! કાળે કરીને બાહડ અને અંબડ જેવા રાજ્યકુશળ બાહોશ મંત્રીઓ ચાલ્યા ગયા, મ્હારી પણ વૃદ્ધાવસ્થા થઇ ગઇ, કર્મયોગે પુત્રપ્રાપ્તિ થઇ નહિ; તેથી રાજ્યની ચિંતા થવાથી આપને પૂછું છું તે આપ કૃપા કરી કહો કે મારી પછી આ રાજ્યગાદી માટે કોણ યોગ્ય જણાય છે?" તેના જવાબમાં ગુરૂમહારાજે કહ્યું કે- "આ તમારી પુત્રીનો પુત્ર એટલે તમારો ભાણેજ પ્રતાપમલ્લ તમારી ગાદીને લાયક હોય તેમ લાગે છે."

આવા પ્રકારની વાતચીત થઇ તે વખતે હેમસૂરિમહારાજનો બાલચંદ્ર નામે એક શિષ્ય હતો તે પાસે બેઠેલ, તેણે સર્વ હકીકત સાંભળીને ખટપટ કરવાના હેતુથી તે વાત કુમારપાળના ભત્રીજા

અજયપાળને કહી દીધી અને કહ્યું કે- "હવે હુશિયાર થવાની જરૂર છે. ગમે તે યુક્તિપ્રયુક્તિ ચલાવી રાજાનો ઘાટ ઘડવાની તૈયારી કરવી જોઇએ. આ કાર્યમાં આજથી હું અને તમે એક જ છીએ એમ સમજી કોઇ પણ જાતની ભૂલ નહિ ખાતાં સફળતા મેળવીએ તો જ ઠીક ગણાય."

બાલચંદ્રે આ તરફ શ્રી હેમસૂરિમહારાજની સાથે વિનયમર્યાદા તોડી, ગુરૂઆણાની અવગણના કરી, ફાવે તેમ વર્તન ચલાવવા માંડ્યું અને ગચ્છમાં કુસંપના બીજનું આરોપણ કર્યું, એટલે ત્યારથી બે પક્ષ જેવું થઇ ગયું. શ્રી હેમસૂરિમહારાજ તથા તેમના શિષ્ય રામચંદ્ર આદિનો એક પક્ષ પડી ગયો અને બીજી તરફ બાલચંદ્ર જુદો પડી અજયપાળ સાથે મળી જુદી રમત રમવા લાગ્યો. એમ કરતાં ધીમે ધીમે ક્લેશનું સ્વરૂપ વધતું જવાથી દિનપ્રતિદિન વૈરની વૃદ્ધિ થતી ગઇ. આ રીતે ગચ્છમાં ગુરૂ-ચેલાનું મનભંગ થતાં ખટપટ વધવા લાગી અને તેમ થતાં શ્રાવક સમુદાય પણ ચિંતાતુર થવા લાગ્યો. કુસંપનું ઝેરી વાતાવરણ ફેલાતાં આખરે ખરાબી થવાનો સમય આવતો જાય છે એમ પણ સહુ કોઇને માલૂમ પડવાથી ઘણું દુઃખ થવા લાગ્યું; પરંતુ સમયની બલિહારી છે!

પ્રસંગોપાત્ કવિ ઋષભદાસ જણાવે છે કે જ્યાં કુસંપ દાખલ થયો ત્યાં આખરે નુકશાની જ સંભવે છે. સંપવગર કોઇ પણ કાર્યની સિદ્ધિ થઇ શકતી નથી. કહ્યું છે કે:-

સંપ વિના એ શું ઘર હાટ, સંપ વિના નવિ શોભે વાટ,
સંપ વિના નવિ ચાલે રાજ, સંપ વિના વિણસે સવિ કાજ;
સંપ વિના શ્યો બાંધવ તાત, સંપ વિના શી ભગિની માત?
સંપ વિના શ્યો ગુરૂ ને શિષ્ય, ક્ષણ ક્ષણ પાતિક બાંધે લક્ષ?
સંપ વિના કૌરવ પાંડવા, જુઓ તેહના કુળ ક્ષય હુવા,
રાવણ દ્વંદ બિભિષણ સાથ, ખોયું રાજ ગયું પર હાથ.

અહિં બાલચંદ્રે હંમેશાં ગુરૂમહારાજની સાથે કાંઇ ને કાંઇ તકરાર

કરવા માંડી અને છળપ્રપંચથી રમત ખેલી ગુરૂમહારાજ અને કુમારપાળ ભૂપાળનું બૂરૂં કરવાના દાવ શોધવા લાગ્યો. ખરેખર બાલચંદ્ર એક કુશિષ્ય નીવડ્યો અને આગળ ગર્ગાચાર્યના પાંચશેં શિષ્યો જેમ ગુરૂની આજ્ઞામાં નહિ રહેતાં ગુરૂ જે કહે તેથી અવળી રીતે વર્તન ચલાવતા હતા તે પ્રમાણે તેણે વર્તવા માંડ્યું.

આ અરસામાં એક વખતે શ્રી હેમસૂરિમહારાજને કુમારપાળ રાજાએ વિનંતિપૂર્વક એક વાત નિવેદન કરતાં કહ્યું કે- "સાહેબ! મ્હારાથી બની શકે તેટલાં ધર્મનાં કાર્યો યથાશક્તિ મેં કર્યાં છે અને કરાવ્યા છે, પરંતુ જિનેશ્વર ભગવાનના બિંબ ભરાવી પ્રતિષ્ઠા (અંજન-શલાકા) કરવાનો અપૂર્વ લ્હાવો હજુ સુધી મેં પ્રાપ્ત કર્યો નથી, માટે આ શુભ કાર્યનું મુહૂર્ત્ત આપશ્રી જેમ બને તેમ જલ્દી બતાવો અને મ્હારી એ ઇચ્છા ફળિભૂત થાય તેમ કરો." એ ઉપરથી સૂરિમહારાજે સારૂં મુહૂર્ત્ત જોઇ આપ્યું અને નગરમાં મહાન્ ઓચ્છવ માંડી વિધિસર કાર્ય શરૂ કરાવ્યું.

કુમારપાળ ભૂપાળે તરત જ લક્ષ્મીનો મોટો ખર્ચ કરી રત્નની, કનકની, રૂપાની, પીતળની, કાષ્ટની અને પાષાણની અનેક પ્રતિમાઓ કરાવી અને પવિત્ર પીઠિકાઉપર સર્વ બિંબોને પધરાવી સ્નાત્ર-મહોત્સવની વિધિ શરૂ કરી. તે વખતે ચતુર્વિધ સંઘ એકત્ર થયો હતો અને શ્રી હેમસૂરિશ્વર સાથે અઢાર આચાર્યો પણ હાજર હતા. સર્વ બિંબોની અંજન-શલાકા કરવાની ક્રિયા માટે જે મુહૂર્ત બરાબર કાઢવામાં આવેલ હતું તે ઘડી જોઇને બરાબર ટાઇમ જાહેર કરવાનું કામ ગુરૂમહારાજે પોતાના શિષ્ય બાલચંદ્રને સુપ્રત કર્યું હતું.

આ પ્રસંગે કુમારપાળનો ભત્રીજો અજયપાળ પણ ત્યાં આવ્યો હતો, તેણે બાલચંદ્રને પૂછયું કે- 'તમે આ ઘડી લઇને શા માટે બેઠા છો? અને એથી શું કામ કરવાના છો?' જવાબમાં બાલચંદ્રે કહ્યું કે- "આ સર્વ બિંબોને અંજન-શલાકા કરી પ્રતિષ્ઠિત કરવાનું કાર્ય અત્યારે ચાલે છે,

તે ટાઇમ બરાબર ચોક્કસ જાહેર કરવા માટે મને બેસાડવામાં આવેલ છે અને હું એ ચોક્કસ ટાઇમ કહીશ તે વખતે સર્વ બિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવશે અને સંપૂર્ણ શાંતિપૂર્વક વિધિસર કાર્યની પૂર્ણાહુતિ થશે. પ્રતિષ્ઠાનું કાર્ય મંગલમય થશે." તેની સાથે બાલચંદ્રે એ પણ કહ્યું કે- "જો આ મુહૂર્તનો ભંગ થાય એટલે કે આ પ્રતિષ્ઠા કરવાની ઘડી આઘીપાછી કરાવાય અને આ મુહૂર્ત ચૂકી જવાય તો જરૂર આ સર્વ પ્રતિમા ખંડિત થાય, રાજા કુમારપાળ મહાન્ દુઃખ પામે અને ગુરૂહેમસૂરિ પણ લાંબો વખત જીવે નહિ. મતલબ મ્હારા હાથમાં આવેલ મુહૂર્ત ચૂકાવું તો મહાન્ અનર્થ થાય."

બાલચંદ્રની આ પ્રમાણેની હકીકત સાંભળી અજયપાળે બાલચંદ્રને કહ્યું કે- "અરે! આવો અવસર મળ્યો છે, કુમારપાળ રાજા તથા હેમસૂરિનું અનિષ્ટ કરવાનો બરાબર લાગ અત્યારે તમારા હાથમાં આવ્યો છે, તો આવો સમય ચૂકવો જોઇએ નહિ. આ કાર્યસિદ્ધિના બદલામાં જ્યારે હું રાજ્યગાદીઉપર આવીશ ત્યારે તમને હેમસૂરિની પાટે આચાર્ય પદે જરૂર સ્થાપીશ." આવી આશાભરેલી હકીકતથી બાલચંદ્રનું મન તરત જ ફર્યું અને બુદ્ધિનો દુરૂપયોગ ચલાવી શુભ મુહૂર્તને બદલે અશુભ મુહૂર્તે ક્રિયા-વિધિ કરાવી દેવાનું નક્કી કર્યું.

હવે અંજન-શલાકા (પ્રતિષ્ઠા) કરવાનો અવસર નજીક આવ્યો ત્યારે હેમસૂરિ મહારાજે પોતાના શિષ્ય બાલચંદ્રને મુહૂર્ત માટે પૂછયું, જેના જવાબમાં જે ખરાબમાં ખરાબ મુહૂર્ત હતું તેને બાલચંદ્રે શુભ મુહૂર્ત છે એમ જાહેર કરી સર્વ બિંબોની અંજન-શલાકાની વિધિ કરાવી તેમજ કુમારપાળ ભૂપાળપાસે પ્રતિષ્ઠા કરાવી. આ રીતે બાલચંદ્રે કપટકળા કેળવી અશુભ મુહૂર્તમાં પ્રતિષ્ઠાનું કાર્ય કરાવ્યું.

પ્રતિષ્ઠાનું કાર્ય સંપૂર્ણ થઇ રહ્યા બાદ "ભીમા" નામનો એક શ્રાવક પીતળની પ્રતિમા લઇને અંજન-શલાકા કરાવવા નિમિત્તે શ્રી હેમસૂરિમહારાજ પાસે આવ્યો અને ગુરૂમહારાજને વિધિપૂર્વક વંદન કરી

વિનંતિ સાથે કહેવા લાગ્યો કે- "હે સ્વામી! હું એક સાધારણ પંક્તિનો શ્રાવક છું દેવ ગુરૂ અને ધર્મનો રાગી છું. એક વખત એક મુનિમહારાજને મેં કહ્યું કે- "મ્હારી સ્થિતિ નિર્ધન છે એટલે કોઇ પણ મોટાં ધાર્મિક કાર્યો તો હું કરી શકું તેમ મને લાગતું નથી અને એ માટે મને બહુ પસ્તાવો થયા કરે છે." એના સમાધાનમાં ગુરૂમહારાજે મને કહ્યું કે- "ભાઇ! એમાં કાંઇ હરકત જેવું નથી. એ તો કર્મ પ્રમાણે સુખ-દુઃખ આવે અને જાય છે. સારી પુન્યપ્રકૃતિ બાંધી હોય તો લક્ષ્મી વિગેરે સહેજમાં આવી મળે છે તેમ છતાં જો તારે ધર્મકાર્ય આવી સાધારણ સ્થિતિમાં પણ કરવું હોય તો કરી શકાશે." પછી તે ગુરૂમહારાજે મને કહ્યું કે- "થોડા ખર્ચમાં ફક્ત એક હાથના ગભારાવાળું મંદિર કરાવી તેમાં પિત્તળની કે કાષ્ટની નાની પ્રતિમા અંજન-શલાકા કરાવીને પધરાવીશ તો એટલા કાર્યથી પણ આ ભવ અને પરભવમાં તારૂં કલ્યાણ થઇ જશે." એ પ્રમાણેના ગુરૂવચનાનુસાર હે સૂરીશ્વરજી! આ પાટણનગરમાં આપના હસ્તે અંજનશલાકાની ક્રિયા થવાની છે એમ સાંભળી તેમાં ભળી જવા અને આ પીતળની પ્રતિમાને અંજન-શલાકા કરાવી શુભ લ્હાવો લેવા હું ઉતાવળો દૂરથી ચાલીને આવી પહોંચ્યો છું, પરંતુ મ્હારા કમનસીબ માનું છું કે એ ક્રિયા તો મ્હારા આવ્યા પહેલાં જ ક્યારની પૂરી થઇ ગઇ છે."

આ પ્રમાણે કહીને વળી "ભીમો" મનમાં ઘણું દુઃખ પામી ફરી ફરીને પસ્તાવો કરવા લાગ્યો અને બોલ્યો કે-ખરેખર, જગતમાં પુન્યહીન માણસને સુયોગ સાંપડવો મહામુશ્કેલ છે. કહ્યું છે કેઃ-

પુન્યહીણો નર ખેતી કરે, બળદ મરે કે સુકવણું પડે;
પુન્યહીણો ભોજન શુભ જમે, કાં ન જરે કે પાછું વમે.

વળી તે વિચારવા લાગ્યો કે-મારા મનના મનોરથ મનમાં જ રહી ગયા. ખરેખર પુન્યશાળી પ્રાણી જે જે ચિંતવે તે તે કાર્યની સિદ્ધિ સહેજમાં થઇ જાય છે, જ્યારે પુન્યહીન માણસ મનમાં મનસુબા અનેક ઉઠાવ્યા કરે છે, પરંતુ તેમાંથી એકે પાર પડતા નથી. કહ્યું છે કેઃ-

મન જાણે મયગળ ચઢું, હય વર પાયે પરઠું;
પોઢું પલંગ પાલખી, અમૃત આહાર જ ભરખું.
સુંદર સુંદરી સાથ, મહેલમાંહે કરૂં વાસ;
ઉચ્ચ વસ્ત્ર તે અંગ, ચંદન તે બારે માસ.
પુન્ય તિહાં પ્હોચે નહિ, આતમ તો ઇચ્છે ઘણું;
ઋષભ કહે કિમ પામીએ, પુન્ય નહીં પોતાતણું.

અથવા

કવિત.

મન જાણે મહીને વરૂં, નરપતિ થઇ નવ ખંડી;
શિર છત્ર ચામર ચાર, ચઢું તો ચંચળ સંઢી.
કુસુમ બહોળા શિષ, નાટક નીત નીરખું જાઇ;
આય વંછે અતિ ઘણો, સવિ વસ્તુ મેલે આઇ.
પૂછી કાજ સહુકો કરે, મુરખ મન ચિંતે ઘણું;
ઋષભ કહે કિમ પામીએ, પુન્ય નહિ પોતાતણું.

આ રીતે ભીમો શ્રાવક પોતે પુન્યહીન હોવાથી જ પોતે લાવેલ પીતળની પ્રતિમાને અંજન-શલાકા કરાવવાના ખરા અવસરે આવી પહોંચ્યો નહિ તેથી તે વારંવાર પસ્તાવો કરવા લાગ્યો અને શ્રી હેમસૂરિમહારાજને વિનંતિ કરી કહેવા લાગ્યો કે- "કૃપાળુ મહારાજ! મ્હારાઉપર કૃપા કરી કોઇ રીતે મુહૂર્ત્ત આવતું હોય તો તપાસ કરી મ્હારૂં કાર્ય સિદ્ધ કરી આપો."

ભીમાની આવા પ્રકારની ઉત્તમ ભાવના જોઇને હેમસૂરિમહારાજને પણ હૃદયમાં દયા આવી તેથી વિચાર કર્યો કે- "મુહૂર્ત્ત આવતું હોય તો ફરીથી તપાસ કરાવીને ગમે તે પ્રકારે આ શ્રાવકના મનનું સમાધાન થાય તેમ કરી આપું." આમ વિચારીને પોતાના શિષ્ય બાલચંદ્રને બોલાવ્યા અને ભીમાએ લાવેલ પ્રતિમાને અંજન-શલાકા કરવા માટે મુહૂર્ત્ત છાયાલગ્ન કાંઇ આવે છે કે કેમ? તે સંબંધી તપાસ કરવા કહ્યું. તે ઉપરથી બાલચંદ્રે

કહ્યું કે- "ગુરૂજી! ખરૂં મુહૂર્ત તો અત્યારે જ આવે છે અને જે સમયે અંજન-શલાકા કરી ને પ્રતિષ્ઠાવિધિ થઇ ગઇ તે મુહૂર્ત ખોટું જણાય છે. અરે! તે વખતે હું મુહૂર્ત કહેતાં ચૂકી ગયો અને ખરેખર મ્હારાથી ખોટી ભૂલ થઇ ગઇ છે." આ પ્રમાણે કપટપટુતા કેળવી જાણે કે અજાણપણામાં થઇ ગયું હોય તેમ તે કહેવા લાગ્યો.

આ પ્રમાણે બાલચંદ્રનું કથન સાંભળી હેમસૂરિમહારાજે પોતે જ્યોતિષ શાસ્ત્રાધારે મુહૂર્ત જોવા માંડ્યું. તેમાં સ્પષ્ટપણે જણાઇ આવ્યું કે-પ્રથમ મુહૂર્ત ભદ્રાના મુખમાં આવીને પડેલું હતું અને ખરેખર આ કુશિષ્ય બાલચંદ્રે દગાપ્રપંચથી જ આ પ્રમાણે કરેલું છે. આ ભદ્રા મુહૂર્તના પ્રતાપે મહાઅનર્થ થશે અને એ મુહૂર્તમાં કરેલી ક્રિયાથી આખરે કરનાર-કરાવનાર બન્નેને નુકશાન થવાનો પ્રસંગ આવી પડશે. આમ વિપરીત પરિણામ જણાવાથી હેમસૂરિમહારાજને બહુ જ પસ્તાવો થયો. તેઓ બોલ્યા કે- "જેમ બિલાડીને દૂધ ભળાવવાનું અને વાંદરાને વન સોંપવાનું કાર્ય સુજ્ઞજન વિચારીને ન જ કરે, છતાં મેં આ વખતે વિચારશક્તિને વેગળી કરીને ખરેખર ભૂલ ખાધી છે. જે કામ બાલચંદ્રને બીલકુલ સોંપવા જેવું નહોતું તે કામ મેં પોતે જ તેને સોંપ્યું તો તેનું અતિ માઠું પરિણામ આવીને ઉભું રહે એમાં કાંઈ આશ્ચર્ય નથી. આ તો દુધ પાઈને સાપને ઉછેરવા જેવું બન્યું છે." જગતમાં આટલાનો તો વિશ્વાસ રાખવા લાયક નથી. તે માટે કહ્યું છે કેઃ-

અગ્નિ સાપ જલ સ્ત્રી હથિયાર, મ કરો ચોરતણો પતીયાર;
દુશ્મનથી બીહતો નવિ રહે, તે દુઃખ જગમાં સબલું લહે.

વળી શ્રી હેમસૂરિમહારાજ પસ્તાવો કરતા સતા કહેવા લાગ્યા કે– 'આ શિષ્ય બાલચંદ્રને મેં ધર્મ-મિત્ર જાણી ખાસ પાસે જ રાખ્યો ત્યારે પાસલામાં નાંખીને મૃગલાને જેમ પારધીઓ છેતરે છે તેવું દુષ્ટ કાર્ય એ કુશિષ્યે આ વખતે કરેલું છે. અરે! મ્હારી ભૂલ કદિ પણ થાય નહિ, તેમ છતાં ભૂલ થઈ ગઈ તો જરૂર સમજાય છે કે મારો અંતસમય નજીક

આવ્યો છે અને એથી શુદ્ધ બુદ્ધિ કે વિચારશક્તિ મને સૂઝી નથી. પણ ભાવીભાવ! હવે અફસોસ કરવો નકામો છે. અવશ્ય ભાાવી જે બનવાનું હોય તે જ બને છે. તેમાં કોઈનાં ડહાપણ કે ચતુરાઈ કામ લાગતાં નથી. તે વખતે સુબુદ્ધિ હોય તેની દુર્બુદ્ધિ થઈ જાય છે. એ પ્રમાણે બનવાનું અવશ્ય હોવાથી હવે તે સંબંધી ખેદ કરવો નકામો છે, એથી કાંઈપણ વળવાનું નથી."

અવશ્યભાવ એટલે જે બનવાનું હોય છે તે બન્યા જ કરે છે તે માટે શાસ્ત્રમાં પણ બતાવ્યું છે કે:-

"શ્રી જિનેશ્વર વીર ભગવાન ચોત્રીશ અતિશયના ધણી અને વાણીના પાંત્રીશ ગુણે કરીને શોભિત, જીવદયાપ્રતિપાળ બિરાજમાન છતાં ગોશાળે આવીને તેજોલેશ્યા મૂકી બે મુનિને બાળી નાંખ્યા, શ્રી વીરપ્રભુને નીચ કુળમાં-બ્રાહ્મણીની કુક્ષિમાં પ્રથમ વસવું પડયું, શ્રી વીર ભગવાનની પ્રથમ દેશનાનું નિષ્ફળ જવું, ચંદ્ર અને સૂર્યનું મૂળ વિમાને શ્રી ભગવંતને વંદન કરવા આવવું, ચમરેંદ્રનો ઉત્પાત થવો, મલ્લિનાથનું સ્ત્રીવેદ પામવું, એક યુગલીયાનું મરીને નારકીમાં જવું, એક સમયે એક સો ને આઠ ઉત્કૃષ્ટ અવગાહનાવાળાનું સિદ્ધિપદને પામવું, અસંયતિનું પૂજાવું, અમરકંકા નગરીમાં બે વસુદેવનું શંખ શબ્દે ભેગા થવું અને શ્રી વીર ભગવાન રાજગૃહી નગરીમાં વિચરતા હતા છતાં કાળ નામના કસાઈએ હમેશાં પાંચ સો પાડાનો વધ કરવો, જિનેશ્વર ભગવંતના અતિશયની મહત્ત્વતા એટલી બધી છે કે જ્યાં જ્યાં ભગવાન વિચરતા હોય તે સ્થળે અને આસપાસમાં રોગ, શોક, હિંસા આદિ કાંઈ પણ અનિષ્ટ કાર્યની સંભાવના હોય જ નહિ; છતાં રાજગૃહીમાં હમેશાં પાંચ સો જીવનો વધ થતો હતો, આ બધી હકીકત ઉપરથી ખાત્રી થાય છે કે અવશ્ય ભાવી બનવાનું હોય તે બન્યા જ કરે છે; તેમાં કોઈ રીતે ફેરફાર થઈ શકતો નથી."

આ પ્રમાણે હેમસૂરિમહારરાજે વિચાર કરી મનને આશ્વાસન

આપ્યું અને પેલો શ્રાવક ભીમો જે પીતળની પ્રતિમાજી લઈને અંજન-શલાકા કરાવવા આવ્યો હતો તેને તે સમયે આવેલા શુભ મુહૂર્તમાં અંજન-શલાકાની વિધિ કરી આપી અને તે સાથે કહ્યું કે- 'આ મુહૂર્ત એવું છે કે એથી ત્હારા ઘરમાં ઋદ્ધિ-સિદ્ધિની ભરતી થશે." એમ કહી ધર્મ-કાર્ય વિશેષ કરવાની સુચના આપી તેને ત્યાંથી ઉત્સાહપૂર્વક વિદાય કર્યો.

ત્યારબાદ તરત જ હેમસૂરિમહારાજે કુમારપાળ ભૂપાળને બોલાવ્યા અને કહ્યું કે- "જિનમંદિરની પ્રતિષ્ઠા (અંજન-શલાકા) કરવામાં કુશિષ્ય બાલચંદ્રે મોટી ભૂલ ખવરાવી છે, અશુભ મુહૂર્તમાં સર્વ કાર્ય કરાવેલ છે, તેથી જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે તેનું પરિણામ ખરાબ નીવડશે. એટલે કે જિનમંદિર અને જિનપ્રતિમા ખંડિત થશે, આજથી છ મહિનામાં તમારૂં આયુષ્ય પૂરૂં થશે અને મ્હારૂં પણ મૃત્યુ નજીકમાં આવશે. અવશ્ય ભાવી તરીકે જે બનવાનું હોય છે તે તો બન્યા જ કરે છે, તે માટે મને કાંઈ પશ્ચાત્તાપ કે અફસોસ થતો નથી; પરંતુ તમારી હયાતિ બાદ તમારી પછવાડે આ બિચારાં પશુ પંખીની ખબર કોણ લેશે? નવાં જિનમંદીરો કોણ કરાવશે? જિનપ્રતિમાઓ કોણ ભરાવશે? પોષધશાળાઓ અને દાનશાળાઓ કોણ બંધાવશે? સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ-ભક્તિ કોણ કરશે? શ્રાવક કોમનો ઉદ્ધાર કોણ કરશે? અને તીર્થયાત્રાદિ શુભ કાર્યો કરી શાસનની શોભા કોણ વધારશે? એ માટે મને વારંવાર વિચાર થયા કરે છે. ખરેખર આપના ગયા બાદ ધર્મકાર્ય બધાં ઢીલાં પડશે, આ વાતનું દુઃખ મ્હારા મનમાં હે રાજન્! પુનઃ પુનઃ થયા કરે છે."

કુમારપાળ રાજા આ સર્વ હકીકત સાંભળી રહ્યા અને તેથી મનમાં જરા પણ ક્ષોભ નહિ પામતાં ગુરૂમહારાજપાસે રહી ધર્મ-સાધન વિશેષપણે કરવા લાગ્યા, બહુ પ્રકારે દાન-પુન્ય કરવા લાગ્યા, દશ પ્રકારની આરાધના કરી તેમાં પ્રથમ અતિચારની આલોચણા કરી, બાર વ્રત ફરીને શુદ્ધ ઉચ્ચર્યા, સર્વ જીવોને ખમાવ્યા, અઢાર પાપસ્થાનકની

આલોચણા લીધી, અરિહંતાદિ ચાર શરણ અંગીકાર કર્યા, જીંદગીભરમાં થયેલા અકાર્યોની નિંદા કરી, શુભ કરણીની અનુમોદના કરી ઈત્યાદિ સર્વપ્રકારની આરાધના ગુરૂમહારાજે કુમારપાળ રાજાને કરાવી, તેથી કુમારપાળ રાજાનો આત્મા બહુ જ શાંતિ પામ્યો.

કુમારપાળ મહારાજા આ રીતે ધર્મ આરાધના વિશેષ પ્રકારે કરવા લાગ્યા તેની સાથે નિરંતર શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ પણ કરવા લાગ્યા. આ નવકાર મંત્ર મહામંગળકારી ચૌદ-પૂર્વના સારભુત પરમ પવિત્ર છે, જે સંબંધે વિસ્તારથી વિવેચન કરી રાસકર્ત્તા કવિ ઋષભદાસ જણાવે છે કેઃ-

પરમ પવિત્ર શ્રી નવકાર મંત્ર અડસઠ અક્ષરનો છે, જેમાં એકસઠ અક્ષર લઘુ છે અને સાત અક્ષર ગુરૂ (જોડાક્ષર ) છે. જેના નવ પદ છે અને સંપદા આઠ છે. એટલે કે સાત પદની સાત સંપદા અને આઠમા નવમા પદની એક સંપદા-એ રીતે આઠ સંપદા જાણવી. આ નવકાર મંત્રનો પ્રણમ અક્ષર "ન" છે. એ "ન" એક જ અક્ષરનું માત્ર સ્મરણ થવાથી આત્મા નિર્મળ થાય છે. તેની સાથે સાત સાગરોપમનું પાપ પણ ટળી જાય છે, અને નમોઅરિહંતાણં એક પદ આખું બરાબર શાંતિથી-નિર્મળ ચિત્તથી ગણતાં પચાસ સાગરોપમનું પાપ ટળી જાય છે, તેમજ સંપૂર્ણ નવકાર મંત્રનું સ્મરણ કરવાથી પાંચ સો સાગરોપમનું પાપ ટળી જાય છે. આ શ્રી નવકાર મંત્ર મહાસુખનો દેનાર છે, અમૃતસમાન છે, કામકુંભ સરખો છે અને કામધેનુની જેમ સર્વદા વાંછિત ફળને આપનાર છે. તે સંબંધમાં શિવકુમારની કથા નીચે મુજબ જાણવી.

શ્રી રત્નપુરી નામે નગરીમાં યશોભદ્ર નામે એક વણિક શ્રાવક રહેતો હતો, તેને શિવકુમાર નામે એક પુત્ર હતો. તે સાત વ્યસન સેવનારો અને અવિવેકી નિવડ્યો. તે દુર્મતિના પ્રતાપે દેવ, ગુરૂ કે ધર્મને બીલકુલ ગણતો નહિ. તે બાબતનું દુઃખ યશોભદ્ર શેઠને ઘણું જ થયા કરતું હતું. અનુક્રમે યશોભદ્ર વૃદ્ધાવસ્થાએ પહોંચતા કાળે કરીને બિમાર

પડ્યા અને અંતસમય નજીક જણાવાથી શિવકુમારને પાસે બોલાવ્યો એટલે શિવકુમારે કહ્યું કે– 'પિતાજી! મને કાંઈ કહેવા ઈચ્છા હોય તે સુખેથી કહો.' ત્યારે યશોભદ્રે મરતાં મરતાં બીજી કાંઈ પણ ભલામણ કે શિખામણ નહિ દેતાં ફક્ત એટલું જ કહ્યું કે– "બેટા! મ્હારી. છેવટની શિખામણ તને એ છે કે તું હમેશાં મહામંગળકારી નવકાર મંત્રનું સ્મરણ કરતો રહેજે." આ પ્રમાણે કહીને યશોભદ્ર મરણને શરણ થયા અને ગૃહકારભાર શિવકુમારને હાથ આવતાંની સાથે જ ધીમે ધીમે સપ્ત વ્યસનના સેવનથી તમામ મીલ્કત તેણે ખલાસ કરી નાંખી જેથી તે આખરે નિર્ધન અવસ્થામાં આવી પડ્યો.

આ રીતે પોતાની પાસે જે પુંજી હતી તે ખર્ચાઈ જવાથી પૈસાની પ્રાપ્તિ માટે શિવકુમાર પ્રયાસ કરતો હતો તેવામાં એક ત્રિદંડી-યોગીપુરૂષ તેને મળ્યો. તેને શિવકુમારે નમસ્કાર કરીને વિનંતિ કરી કહ્યું કે– 'હે સ્વામી! કૃપા કરી મને ધનપ્રાપ્તિ થાય તેવો ઉપાય કહો.' આ ઉપરથી કાળી ચૌદશની રાત્રિએ વિદ્યા સિદ્ધ કરવા માટે તે યોગી સ્મશાન ભુમિએ ગયો અને સાથે શિવકુમારને તેડી ગયો. ત્યાં તે યોગીએ એક મડદું મંગાવી રાખેલ હતું તે મડદાના હાથમાં તરવાર આપી હતી અને તેના પગના તળીઆં ઓળાસવાનું શિવકુમારને કહી પોતે જાપ જપવા બેઠો.

આ પ્રમાણે વિપરીત ચેષ્ટાથી આમાં કાંઈક કપટ છે એમ શિવકુમારને લાગ્યું, તેથી તે વખતે પોતાના પિતાએ કહેલ શ્રી નવકાર મંત્રનું સ્મરણ મનમાં કરવા લાગ્યો અને યોગીએ કહ્યું તેમ પણ કરવા લાગ્યો. યોગીએ મંત્રસાધના શરૂ કરી કે તુરત જ મંત્રના બળે તે મડદું ઉભું થયું અને શિવકુમારની ઉપર તરવારનો ઘા કરવા જાય છે, પરંતુ નવકાર મંત્રના પ્રભાવે ઘા કરી શક્યું નહિ ને પાછું પડ્યું. આ પ્રમાણે બનવાથી તે યોગીએ બીજી વાર બરાબર મંત્રસાધના શરૂ કરી તો બીજી વાર પણ એમજ બન્યું, એટલે યોગીએ શિવકુમારને પુછયુંકે– "અરે! તું કાંઈ મંત્ર જપે છે કે શું?" તેના જવાબમાં શિવકુમારે નકારો ભણવાથી

તે યોગીએ ત્રીજી વાર મંત્રસાધના ચલાવી જેથી તે મડદું ઉભું તો થયું પરંતુ શિવકુમાર ઉપર કાંઈ કરી શકે તેમ નહિ હોવાથી છેવટે તેણે તે મંત્રસાધક યોગીને હણ્યો. તે મંત્રબળે સુવર્ણપુરૂષ થઈ ગયો, જેને એક સ્થાનકે દાટીને શિવકુમાર પોતાને ઘરે આવ્યો.

શિવકુમારને નવકાર મંત્રનો અપૂર્વ પ્રભાવ આ રીતે જોવાથી અને સ્મરણ માત્ર કરવાથી પણ મહાન્ લાભ થાય છે. એવી ખાત્રી થવાથી તે શ્રી જિનેશ્વરકથિત ધર્મ સમ્યગ્ પ્રકારે પાળવા લાગ્યો અને જે સુવર્ણપુરૂષ ભૂમિમાં દાટેલ હતો તે માટે નગરના રાજાપાસે જઈને સર્વ હકીકત નિવેદન કરી. તે સાંભળી રાજા બહુ ખુશી થયો અને તે વસ્તુ ત્યાંથી કઢાવી શિવકુમારને સોંપી દીધી. આ રીતે નવકાર મંત્રના પ્રભાવથી શિવકુમાર સુખી થયો અને છેવટે ચારિત્ર ગ્રહણ કરી કર્મ ખપાવી મુક્તિપદને પામ્યો.

શ્રી નવકાર મંત્રના પ્રભાવથી જિનદાસ શેઠ બીજોરૂં લાવી આપવા શક્તિમાન થયા હતા, તેના આવા સાહસિક કાર્યથી બળરાજા ઘણો જ પ્રસન્ન થયો હતો અને છેવટે એ જિનદાસ શેઠ શ્રી જિનધર્મની આરાધના કરી મુક્તિપદને પામ્યા હતા. સતી શ્રીમતીને ફણીધર મટીને ફુલની માળા થઈ ગઈ, એ પણ આ નવકાર મંત્રનો જ પ્રભાવ જપવાથી યક્ષપણે ઉત્પન્ન થયો તેની કથા નીચે મુજબઃ-

શ્રી મથુરા નગરીમાં સુબુદ્ધિ શેઠને ઘરે હુંડિક નામના ચોરે એક વખત મોટી ચોરી કરી, જેની જાહેરાત રાજદરબારે થતાં તે ચોરને પકડવાની તજવીજ ચાલી, તપાસ કરતાં તે ચોર પકડાઈ ગયો, જેને તે નગરીના રાજા અરિમર્દને શુળીએ ચડાવવાનો હુકમ ફરમાવ્યો. રાજાજીની આજ્ઞા થતાં જ તે ચોરને વધસ્થળે લઈ જઈને શુળીઉપર ચડાવ્યો અને રાજાના સુભટો ત્યાં તેની તપાસ રાખવા બેઠા. શૂળીઉપર ચડેલા હુંડિક ચોરે મરતાં મરતાં પાણી માગ્યું. એ અરસામાં જિનદાસ શેઠ ત્યાં થઈને ચાલ્યા જતા હતા તેમણે આ ચોરની આવી અવસ્થા નિહાળી તેની પાસે

જઈને કહ્યું કે– ‘હું તારા વાસ્તે પાણી લઈને જલ્દી અહિં આવું છું, તે દરમિયાન તું આ નવકાર મંત્રનો જાપ જપ્યા કરજે.’ એમ કહી તે શેઠ પાણી લેવા ગયા. પાણી લઈને પાછા આવ્યા ત્યાં તો ચોર મરણ પામીને શ્રી નવકાર મંત્રના પ્રભાવથી યક્ષપણે ઉત્પન્ન થયો હતો.

આ તરફ રાજાના સુભટોએ જિનદાસ શેઠને ચોરને મદદ કરવાના કારણથી તુરત જ પકડ્યા અને તેમને રાજા પાસે લઈ ગયા. એટલે જિનદાસ શેઠઉપર અરિમર્દન રાજા બહુ જ ખીજાયા અને છેવટે ગર્દભઉપર બેસારી ગામમાં ફેરવીને મારી નાંખવા માટે હુકમ ફરમાવ્યો.

સુભટો જિનદાસ શેઠને તે પ્રમાણે કરીને વધસ્થાનકે લઈ ગયા. બીજી તરફ યક્ષપણે ઉત્પન્ન થયેલ દેવે જ્ઞાનથી નિહાળ્યું કે– ‘પૂર્વભવે હું કોણ હતો? અને કયા પુન્યે હું અહિંયા ઉત્પન્ન થયો?’ તે જોતાં માલૂમ પડ્યું કે– ‘અહો! હું તો શ્રી જિનદાસ શેઠે સંભળાવેલા નવકારમંત્રના પ્રભાવે જ આ સુખને પામ્યો છું અને એ કારણે મ્હારા પરમ ઉપગારી જિનદાસ શેઠ તો મહાન્ સંકટમાં આવી પડ્યા છે એટલે તે સંકટ નિવારવા તે યક્ષ દેવતાએ મથુરા નગરીઉપર પથ્થરની મોટી શિલા વિકુર્વી અને મોટી ઉદ્‌ઘોષણા કરી કહ્યું કે– “હમણાં ને હમણાં જ આ આખી નગરીના ચૂરેચૂરા કરી નાખું છું.” જે સાંભળી અરિમર્દન રાજા બે હાથ જોડી વિનંતિ કરવા લાગ્યા કે– ‘હે દેવ! મ્હારી નગરીને કૃપા કરી હણો નહિ, હું આપ જે પ્રમાણે કહો તે પ્રમાણે કરવા તૈયાર છું.’

રાજાની વિનંતિ ઉપરથી યક્ષ દેવતાએ શિલા પાછી ખેંચી લીધી અને રાજાને કહ્યું કે– ‘પૂર્વ દિશામાં એક મંદિર તૈયાર કરાવી તેમાં હું હુંડિક ચોર હતો તેની પ્રતિમા બેસાડો અને જિનદાસ શેઠ જે મ્હારા પરમઉપગારી છે અને જેના પ્રતાપે હું ચોર જેવો પાપી પણ યક્ષપણે ઉત્પન્ન થયો છુ, એ શેઠને હસ્તિ ઉપર બેસાડી ધામધુમપૂર્વક મથુરા નગરીમાં ફેરવી તેમનું સંપૂર્ણ સન્માન કરો.’ આ પ્રમાણે બન્ને બાબત અરિમર્દન રાજાએ તુરત જ કરી એટલે તે યક્ષદેવતા સંતુષ્ટ થઈ ચાલ્યો ગયો. આ

રીતે શ્રી નવકાર મંત્રના પ્રભાવથી હુંડિક ચોર યક્ષપણે ઉત્પન્ન થયો અને જિનદાસ શેઠનો જશ ઘણો વધ્યો.

શ્રી નવકારમંત્રના પ્રભાવથી જ ભીલ અને ભીલડી રાજા-રાણી થયાં, ચંડપિંગલ ચોર રાજાના કુંવરપણે ઉત્પન્ન થયો, એ રીતે અનેક જીવો સુખ-શાન્તિ અને કલ્યાણને પામ્યા છે; માટે હે ભવ્યજનો! શ્રી નવકારમંત્ર સ્મરણ કરવાનું કદાપિ ચૂકશો નહિ.' આમ ભારપૂર્વક કવિ ઋષભદાસ ભલામણ કરે છે અને કહે છે કે– 'શુદ્ધ મને એક નવકારવાળી પણ ૧૦૮ નવકારવડે હમેશાં ગણવાનું ધ્યાનમાં રાખશો કે જે નવકારવાળીના એક સો ને આઠ મણકા (પારા) છે જેમાં શ્રી અરિહંત ભગવાનના બાર ગુણ, શ્રી સિદ્ધ ભગવાનના આઠ ગુણ, શ્રી આચાર્ય ભગવાનના છત્રીશ ગુણ, શ્રી ઉપાધ્યાયના પચીશ ગુણ અને શ્રી મુનિવરના સત્યાવીશ ગુણ-એ રીતે એક સો ને આઠ ગુણોનો સમાવેશ થાય છે.'

શ્રી હેમસૂરિમહારાજના ઉપદેશ અનુસાર કુમારપાળ મહારાજા પરમપવિત્ર શ્રી નવકારમંત્રનું સ્મરણ હમેશાં કરવા લાગ્યા અને દશ પ્રકારની આરાધના નિશ્ચલ મનથી શુદ્ધ ભાવે કરતાં પોતાનો સમય શુભભાવે વ્યતીત કરવા લાગ્યા. ગુરૂશ્રી હેમસૂરિમહારાજની સ્તુતિ કરતાં તેઓ કહેવા લાગ્યા કે– "હે કૃપાળુ ગુરૂદેવ! આપ જેવા મહાજ્ઞાની અને મ્હારા અત્યંત ઉપગારી સ્વામીને ખરેખર મહાપુન્યના યોગથી જે હું પામી શક્યો છું અને આપે જે મારામાં બોધિબીજ વાવીને તેનું સિંચન વારંવાર કરેલ છે તેનો બદલો હું કોઈ રીતે વાળવા સમર્થ નથી. ખરેખર! આપનો અભાવ થશે તો આ બધું મને તો તદ્દન અલુણું (ફીકું) જ લાગશે." એ સંભળીને હેમસુરિમહારાજે રાજા કુમારપાળને શાંત્વન આપતાં કહ્યું કે – "હે રાજન્! કાંઈ પણ અફસોસ કરવાની જરૂર નથી. શ્રી દેવ-ગુરૂ અને ધર્મની અવિચળ શ્રદ્ધાના યોગે, શ્રી જૈનધર્મની પ્રભાવના કરવાથી આખરે તેમને મુક્તિની પદવી સુલભ છે." એમ કહી પોતાને પાટે

રામચંદ્રને આનંદપૂર્વક બેસાડ્યો અને બાલચંદ્રને પાટ નહિ સોંપવા ખાસ શિખામણ આપી.

એકદા એક યોગીને ખબર પડી કે હેમસૂરિમહારાજના મસ્તકમાં મૂલ્યવંત મણિ છે, તેથી ગમે તે પ્રકારે તે મણિ મેળવવાની દુષ્ટ ઈચ્છાથી તે ગુરૂમહારાજપાસે વારંવાર આવવા લાગ્યો અને સેવા-પર્યુપાસના કરી સર્વે મુનિઓના પરિચયમાં પણ બહુ જ આવી ગયો; પરંતુ એમ ને એમ તો તે મણિ મળી શકે તેમ નહિ લાગવાથી છેવટે તે યોગી ગૂરૂમહારાજના મૃત્યુને માટે ઉપાય શોધવા લાગ્યો. એકદા એક શિષ્યને ગોચરી વ્હોરીને આવતો તે યોગીએ જોયો, એટલે તુરત જ યોગીએ પૂછયું કે– 'હે મુનિવરજી! આ ઝોળીમાં આજે શું આહાર લાવ્યા છો? કૃપા કરી બતાવો તો ખરા.' એમ કહી વાતચીતમાં રાખી તે યોગીએ એકદમ ઝોળીમાં હાથ નાખ્યો અને પોતાના નખમાં રાખેલું વિષ ઝોળીમાં રહેલા આહાર પૈકી એક લાડુ ઉપર ચોટાડી દીધું, પરંતુ આ વાતની તે શિષ્યને કાંઈ પણ ખબર પડી નહિ.

શિષ્ય ગોચરી લઈને ઉપાશ્રયમાં ગુરૂમહારાજપાસે આવ્યો અને ગુરૂમહારાજને ગોચરી બતાવી એટલે મહારાજે સર્વેને વહેંચી આપી તે મુજબ સર્વે વાપરવા લાગ્યા, તેમાં પેલો વિષમિશ્રિત લાડુ દૈવયોગે સુરિમહારાજના વાપરવામાં જ આવ્યો, જેના પરિણામે આહાર કરીને ઉઠ્યા કે તુરત જ હેમસૂરિજીની કાયા ધ્રુજવા લાગી એટલે આ બાબતની તપાસ કરવા પોતાના શિષ્યને પૂછયું કે– 'આજે ગોચરીમાં કાંઈ ફેરફાર થયો હોય એમ જણાય છે.' જેના ઉત્તરમાં તે શિષ્યે વિનયપૂર્વક કહ્યું કે– 'ગુરૂજી! ગોચરી તો શ્રાવકોના ઘરેથી હમેશાંની માફક જ લાવેલ છું, પરંતુ આજે પેલો યોગી રસ્તામાં મળી ગયો હતો અને તેણે મને ઝોળીમાં શું છે? એમ પૂછીને તુરત જ તેમાં હાથ નાખ્યો હતો, એટલું નવીન બની ગયું છે.' આ હકીકત સાંભળતાં જ હેમસૂરિમહારાજને ચોક્કસ થયું કે જરૂર આમાં કાંઈક યોગીએ કુડકપટ અને દગાપ્રપંચથી મ્હારા પ્રાણ

હરવાની તરકીબ રચી છે. ખરેખર! તે યોગીએ વિશ્વાસઘાતનું મહાન્ પાપ વ્હોરી લીધું છે, જે માટે કહ્યું છે કેઃ-

સ્ત્રીહત્યાનું મોટું પાપ, બાલહત્યાનો બહુ સંતાપ;
બ્રહ્મહત્યા ને મારી ગાય, તે પાતિક મોટું કહેવાય.
તેહ થકી તો પાતિક સરે, પશુઆં પુરૂષ નપુંસક કરે;
તેહ થકી મોટો પાતકી, નગર દહે નરકે નારકી.
તેહથી જગમાં મોટું પાપ, જે નર કરતા વિશ્વાસઘાત;
ગતિ ચારમાં તે નર ભમે, વિશ્વાસી જે પરને દમે.

પછી હેમસૂરિમહારાજે સર્વેને કહ્યું કે- 'અવશ્ય ભાવી પદાર્થ તરીકે જે બનવાનું હોય તે બન્યા જ કરે છે, માટે તેમાં અફસોસ કરવો નકામો છે. આ બાબતનું દુઃખ મનમાં કાંઈ પણ લાવશો નહિ. જુઓ! શ્રી વીરભગવાન કે જે પાંત્રીશ વાણીના ગુણે કરીને યુક્ત અને ચોત્રીશ અતિશયના ધણી સમવસરણમાં બિરાજમાન હતા, છતાં ગોશાળે તેજોલેશ્યા મૂકી હતી અને શ્રીકૃષ્ણ સરખા રાજાનું અંતે જરાકુમારના હાથે મૃત્યુ થયું હતું, એટલે અવશ્ય ભાવી જે બનવાનું હોય તે બન્યા જ કરે છે, તેમાં કિંચિત્ માત્ર પણ શોક કરવો નહીં કે દિલગીર થવું નહીં.'

આમ વાતચીત કરતાં ધીમે ધીમે હેમસૂરિમહારાજને શરીરે વિષ વ્યાપી ગયું અને તેથી પોતાનો અંતસમય આવી ગયો છે એ પણ પોતે સમજી જઈને વિષનિવારણ માટે ઔષધોપચાર કાંઈ પણ નહિ કરવા ભલામણ કરી. વિશેષમાં પોતાના શિષ્ય પરિવારને તથા શ્રી સંઘને જણાવ્યું કે- 'મ્હારા દેહત્યાગ થયા પછી તેનો અગ્નિસંસ્કાર આ સ્થળે જ કરાવજો. મારા મૃતકને બહાર લઈ જવા દેશો નહિ, તેમજ એક દૂધનું પાત્ર ભરાવીને મારા માથાપાસે મૂકાવજો, જેમાં મ્હારા મસ્તકમાં રહેલ મણી પડશે તે તમે લઈ લેવરાવજો.' આ રીતે કહીને શ્રી અરિહંત ભગવાનનું ધ્યાન ધરતાં, પંચમહાવ્રતસંબંધી કાંઈ પણ દુષણ લાગ્યું હોય તેનું પ્રાયશ્ચિત્ત લેતાં, જ્ઞાન-દર્શન અને ચારિત્રની કાંઈ વિરાધના થઈ

હોય તેમજ શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા વિરૂદ્ધ કાંઈ પ્રરૂપણા થઈ હોય તે સર્વ માટે ત્રિવિધે ત્રિવિધે ખમાવતાં, સકળ સંઘસમુદાયસમક્ષ ચોરાશી લાખ જીવાયોનિમાંહેના સર્વ જીવોને અંતઃકરણપૂર્વક ખમાવી, ચારે શરણ ચિત્તમાં ધરતાં સૂરિમહારાજે દશમા દ્વારથી પોતાના પ્રાણ છોડ્યા.

તુરત જ કુમારપાળ ભૂપાળ આદિ કચેરીમંડળ તથા શ્રાવક-શ્રાવિકા અને નગરજનોએ મળીને ચંદન, મલયાગરૂ, કર્પૂરાદિથી સરિમહારાજના દેહને સુગંધિત કર્યું અને શોકસહિત સૂરીશ્વરના દેહને અગ્નિસંસ્કાર ઉપાશ્રયમાં જ કર્યો. પછી પરમ ઉપગારી ગુરૂમહારાજની ભસ્મ પણ પવિત્ર છે એમ સમજી રાજાજીએ તે ભસ્મ લીધી ને માથે ચડાવી, એટલે નગરના સર્વલોકોએ થોડી થોડી ભસ્મ લેવા માંડી જેથી તે સ્થળે એક મોટો ખાડો પડી ગયો જેનું નામ ગુરૂના નામ ઉપરથી હેમખાડ પડ્યું. જે અદ્યાપિ પણ પાટણમાં તે નામથી પ્રસિદ્ધ છે.

શ્રી હેમસૂરિ મહારાજશ્રીનો જન્મ સંવત્ ૧૧૪૫ ના કાર્તિક શુદિ ૧૫, દીક્ષા સંવત્ ૧૧૫૪ માં, સૂરિપદવી સંવત્ ૧૧૬૬ માં અને સ્વર્ગગમન સંવત્ ૧૨૨૯ માં એ રીતે ચોરાશી વર્ષનું આયુષ્ય ભોગવીને સૂરિમહારાજ સુરલોકમાં ઉત્પન્ન થયા.

શ્રી જિનશાસનની વિજયધ્વજા ફરકાવનાર અને ધર્મની જાહોજલાલી કરનાર શાસનનો મહાન્ સ્થંભ ટૂટી પડ્યો! અફસોસ!

શ્રીહેમસૂરિમહારાજના વિરહથી કુમારપાળ ભૂપાળને ઘણું જ દુઃખ થયું. ગુરૂમહારાજના ગુણો સંભારતાં તેમની આંખોમાંથી આંસુ સૂકાતાં નથી, તેથી મંત્રીમંડળ મળીને રાજાને દિલાસો આપી સમજાવવા લાગ્યા કે– 'હે સ્વામી! હવે શોક કરવો તે આપ સરખા સમજુ પુરૂષને યુક્ત નથી. જગતમાં ખીલે તે કરમાય છે અને ઉગે તે આથમે છે, તેમજ તુટીની બુટી છે જ નહિ. જે એ માર્ગે ચાલ્યા તે કદિ પાછા વળ્યા નથી, માટે આપ જ્ઞાનદષ્ટિએ વિચાર કરી અફસોસ કરો નહિ. જુઓ! આ સુર્ય કે જેણે સર્વ અંધકારને દૂર હઠાવ્યો છે, ચક્રવાકનો વિરહ મટાડ્યો છે,

કમળને વિકસ્વર કરી દીધાં છે, ગ્રહોના તેજને ઢાંકી દીધાં છે, પ્રભાત થતાં ગાયોના બંધન છોડાવ્યા છે અને લોકોમાં ઘણા પ્રકારે પૂજાને પામેલ છે, તેવો તેજસ્વી સૂર્ય પણ સંધ્યા સમય થતાં આથમતો દેખાય છે. અરે ! એ જોઈને કોના હૃદયમાં દુઃખ ન થાય? પરંતુ એ ઉપરથી સાર એ લેવાનો છે કે અસ્ત અને ઉદય એ તો અનાદિ કાળનો ક્રમ છે, માટે આ બાબતમાં શોક કરવો નકામો છે.'

જે ઉગે તે આથમે, ફુલે તે કરમાય;
જે ઉપજે તે વિણસે, જન્મ્યો તે વળી જાય.
રહ્યા નહીં રહેશે નહીં, નર નારી સુર સોય;
જે શિર છત્ર ધરાવતાં, તે ન રહ્યા નર કોય.

આ રીતે સમજાવીને રાજાના દિલનું શાંત્વન કરવા લાગ્યા, પરંતુ રાજા કુમારપાળને તો જેમ યોગી પરબ્રહ્મમાં, બપૈયો મેઘમાં, સીતાનું મન રામમાં, માતાનું દિલ પોતાના પુત્રમાં, પાર્વતીનું શંકરમાં, ઇંદ્રાણીનું ઇંદ્રમાં, હરિણીનું નાદમાં, હંસનું માનસરોવરમાં, પરદેશી પન્થીનું લક્ષ પોતાને ઘેર જવામાં, ચકોર પક્ષી ચંદ્રમાં અને ચક્રવાક પક્ષી સૂર્યમાં એકલીન થઈ જાય તેમ ગુરૂમહારાજના ગુણોમાં તલ્લીન થતાં વારંવાર તેમનું જ સ્મરણ કરવા લાગ્યા. તે એટલે સુધી કેઃ–

મોહ ધરે ગુરૂ ઉપરે, નિશદિન ગુરૂ ગુણ ગાય;
હેમ! હેમ! જપંતડા, રાયતણા દિન જાય.

આ રીતે કુમારપાળ ભૂપાળ હેમસૂરિમહારાજનું વારંવાર સ્મરણ કરી તેમનાં ગુણો અને પોતાની ઉપર તેમણે કરેલો મહાન્ ઉપકાર સંભારવા લાગ્યા, તેની સાથે તેમના છેલ્લા ઉપદેશ અનુસાર પોતાનું આયુષ્ય પણ નજીક સમજીને ધર્મસાધન વિશેષ પ્રકારે કરવા લાગ્યા. સંસારની અસારતા વિચારતાં અનિત્ય ભાવના ભાવવા લાગ્યા. ખરેખર દરેક પ્રાણીએ પોતાના આત્માનું ભલું કરવા પ્રમાદને ત્યાગી, તૃષ્ણાને તિલાંજલી આપી, રત્નત્રયીની જોગવાઈ મેળવી, આત્મોન્નતિ કરવા માટે

જાગૃત થવાની બહુ જરૂર છે. તે માટે ઋષભદાસ કહે છે કે:–

કરશું! કરશું! કહંતડે, આયુ ગયું સબ ખૂટી;
પુન્યહીણ પાપે ભર્યો, હંસ ગયો તવ ઉડી.
આયુ રૂપી લાકડું, રવિ-શશિ રૂપ કરવત;
કાળરૂપી સૂત્રધાર નિત્ય, વેરી ખંડ કરંત.

વળી ભવ્ય પ્રાણીઓને ઉપદેશ આપી સમજાવે છે કે– "હે મહાનુભવો! આયુષ્ય તો અંજલીના જળ જેવું નિરંતર ઝરતું (ઘટતું) છે અને પાણીના પરપોટાને જેમ ફુટતાં વાર લાગતી નથી તેમ આયુષ્યની દોરી ક્યારે અણધારી ટૂટી જશે એની ખબર પડતી નથી, માટે તે પહેલાં અરે! પાણી પહેલાં પાળ બાંધવા માટે તૈયાર થજો અને સુકૃતની પોઠી સત્વર ભરી લેજો. કેટલાક તો એમ સમજે છે કે– 'હજુ શી ઉતાવળ છે? થાય છે, આગળ કરશું." એવું વદનારાઓએ જરૂર સમજી લેવું કે એવા નકામા વાયદાથી શું વળશે? આગળ કરવાને માટે આયુષ્યનો અમરપટ્ટ લખાવી લીધો હોય તો તો ઠીક છે, પરંતુ જ્યાં એક ઘડીનો પણ વિશ્વાસ નથી ત્યાં ઓચિંતા આંખ વીંચાઈ જશે એટલે મનની મનમાં રહી જશે અને પછી પારાવાર પસ્તાવો થશે! માટે વિચાર કરો અને અનુભવ-ચક્ષુથી નિહાળો તો જણાશે કે કોઈ ઘરે કે કોઈ પરદેશમાં, કોઈ વાટે ચાલતાં કે કોઈ બેઠા બેઠા, કોઈ પાણીમાં બૂડીને કે કોઈ ઝાડ તળે ચગદાઈને, કોઈ ઝેર ખાઈને કે કોઈ વિજળી પડવાથી, કોઈ ભીંત પડવાથી કે કોઈ લોઢાની ધારવાળા તીક્ષ્ણ શસ્ત્રાદિથી, કોઈ જન્મીને તુરત જ કે કોઈ ગર્ભમાં જ ગળી જઈને-આ રીતે અનેક પ્રકારે જીવ મરણ પામે છે. વળી સર્પદંશથી, વાઘ-વરૂના ઝપાટાથી અને વિવિધ રોગથી પણ જગતના જીવોને મરણને વશ થતા આપણે જોઈએ છીએ અને સાંભળીએ છીએ, માટે મરણનો ભય માથે સમજી વ્હેલાસર ચેતી જઈ શ્રી વીતરાગપ્રણીત ધર્મની આરાધના કરી સદ્‌ગતિના ભાજન થવું એ સારમાં સારભૂત છે." કહ્યું છે કે:–

મરણતણી ગતિ કોણ લહે, કોઈ ઘર કોઈ પરદેશ;
પંથી પ્રાણ મુગતા હુઆ, સાધન કાહુ કરેશ?
અનેક મરણ એવા અછે, ચેતો આતમ સાથ;
તેણે કારણ અવસર લહી, પુન્ય કરો નિજ હાથ.
તન-મન યૌવન બળ છતાં, ચેતનહારા ચેત;
નહિ તો રાવણની પરે, પશ્ચાત્તાપ રણ ખેત.

રાજા કુમારપાળ પણ હમેશાં જાગૃત રહીને મનુષ્ય જન્મનો અમૂલ્ય સમય ધર્મક્રિયામાં જ પસાર કરતા હતા.

કુમારપાળ ભૂપાળને પોતાનું આયુષ્ય હવે અલ્પ છે એવી ચેતવણી સૂરિમહારાજ તરફથી ખાસ અગાઉથી મળી ચૂકેલ હોવાથી રાજ્યગાદી પોતાના ભાણેજ પ્રતાપમલ્લને આપવા પોતે વિચાર કર્યો, પરંતુ આ વાતની અજયપાળને ખબર પડતાં અજયપાળે અનેક ખટપટો ચલાવી, દાવ-પેચ શોધીને છેવટે કુમારપાળ રાજાને ઝેર ખવરાવી દીધું, જેને લીધે થોડીવારમાં તે વિષ રાજાના શરીરમાં વિશેષપણે વ્યાપી ગયું. એટલે રાજા આકુળવ્યાકુળ થવા લાગ્યા અને પોતાની પાસે ઝેરનું નિવારણ થાય તેવી છીપ ઉત્તમમાં ઉત્તમ ચીજ હતી તે જલ્દીથી મંગાવી, પરંતુ અફસોસ કે અજયપાળની બીકથી કોઈ પણ તે છીપ લાવી રાજાજીનું ઝેર ઉતારવા હિમ્મતવાન થઈ શક્યો નહિ.

આવી રીતે તમામ પરિવાર ફરી ગયો જોઈને અને રાજાજીને માટે એક છીપ જેવી ચીજ પણ લાવી આપવા કોઈ ઉભો રહ્યો નહિ તે જોઈને ત્યાં હાજર રહેલાં એક ચારણે કહ્યું કે–

"કુમર! કુમારવિહાર! એતાં કાંઈ કરાવીયાં;
તિહાં કુણ કરશે સાર! છીપ ન આપી સીધણી."

"હે રાજન્! આપે આટલા બધા કુમારવિહાર શામાટે કરાવ્યા? જ્યારે પ્રત્યક્ષ આપની હાજરીમાં આપના જ જીવન માટે આપની જ વસ્તુ આપને મળી શકી નહિ તો ખરેખર ખેદસાથે એ વિચાર થાય છે કે

આપની પછવાડે આપના બંધાવેલા આ બધાં જિનમંદિરોની સંભાળ કોણ કરશે?" આ સત્ય બાબત સાંભળતાં કુમારપાળ ભૂપાળને હૃદયમાં ઘણું જ દુઃખ થયું. તે જોઈ એક બીજો ચારણ બોલ્યો કે–

"કહું તુજ કુમરનરિંદ, અવની તેં ઉજ્જવળ કરી;
અમર જુવે તુજ વાટ, મુખ જોવા મહીપતિતણું."

"હે રાજન્! આ નરભવ પામીને આપે તો આપનું કામ ઉત્તમ રીતે સાધી લીધું છે અને આ જગતમાં અનેક શુભ કામોથી આપની તો અવિચળ યાદી અને યશની ઉજ્જવળતા થઈ રહી છે, એટલે હવે તો આપ જેવા પવિત્ર પુરૂષનું મુખ જોવા ખરેખર સ્વર્ગપુરીના દેવો વાટ જોઈ રહ્યા છે."

આ પ્રમાણે બન્ને ચારણોનાં અવસરોચિત ઉત્તમ દુહા સાંભળીને કુમારપાળ રાજાએ એક એક લાખનું ઈનામ આપ્યું અને તે ઝેરનિવારણ છીપ નહિ મળવાનું કારણ પણ સમજી જઈને હૃદયમાં શ્રી અરિહંતાદિ ચારનું શરણ કરી તેનું ધ્યાન ધરતાં અને પરમપૂજ્ય ગુરૂદેવ શ્રી હેમચંદ્રસૂરિમહારાજનું સ્મરણ કરતાં વિષની લહેરીથી ઉછળતી મૂર્છામાં સંવત્ ૧૨૩૦ ની સાલમાં ધર્માત્મા કુમારપાળ ભૂપાળ મરણ પામીને વ્યંતર જાતિના દેવમાં ઉત્પન્ન થયા.

પ્રસંગોપાત્ કવિ ઋષભદાસ જણાવે છે કે કાળની ગતિ અજબ છે! કાળે કરીને શ્રી હેમસૂરીશ્વરજી જેવા અને રાજા કુમારપાળ જેવા પણ ચાલ્યા ગયા અને એવા ઉત્તમ ધર્મિષ્ઠ પુરૂષોનું મૃત્યુ પણ છેવટે વિષપ્રયોગથી જ બન્યું. એ ઉપરથી સમજવાનું છે કે જગતમાં દરેક પ્રાણીને શિરે મૃત્યુની તલવાર એવી લટકી રહી છે કે ક્યારે શું બનશે? એની કોઈને ખબર પડતી નથી. અરે! આ જગતમાં કોઈ અમર રહેવાનું જ નથી. જે માટે કહ્યું છે કેઃ–

ક્ષાયિક સમકિતનો ધણી, પૂજે જિનવરના પાય;
સો શ્રેણિક પંજર મુઓ, મગધ દેશનો રાય.

જસ ઘર મયગલ મલપતા, હયવર કેરી હાર;
તે કોણિક નૃપ રાજીઓ, મુઓ તમિસ્ત્રા દ્વાર.
સગરરાય ચક્રી વડો, દેખી આપ સંભાળ;
સાઠ સહસ સુત તેહના, સોય બળ્યા સમકાળ.

આ રીતે દરેક જીવને કર્માનુસાર પુન્ય-પાપનું ફળ અવશ્ય ભોગવવાનું છે. ખંધક મુનિના શરીરની ખાલ ઉતારી તે પૂર્વકૃત કર્મનું પરિણામ હતું, પરંતુ આ ભવે સમતાએ સહન કરતાં મુક્તિપદને પામ્યા. પરદેશી રાજાને તેની સ્ત્રીએ ઝેર આપ્યું તે પૂર્વકર્મનો ઉદય હતો, પરંતુ આ ભવે સમતાભાવે સહન કર્યું તો દેવગતિને પ્રાપ્ત કરી. એ પ્રમાણે શાસ્ત્રદ્વારા ભાગ્યવંત સત્પુરૂષોના અનેક દાખલાઓ લઇને હળુકર્મી જીવોએ તો આ સંસારની અસારતા સમજી મૃત્યુ આવ્યા પહેલાં અવશ્ય ચેતીને આત્મકલ્યાણ સાધી લેવું-એ સારામાં સાર પદાર્થ છે.

કુમારપાળ મહારાજાએ ૩૦ વર્ષ, ૮ માસ અને ૨૭ દિવસ રાજ્યપાલન કરીને પ્રજાના દિલમાં જે અનહદ પ્રેમભાવ ઉત્પન્ન કર્યો હતો તે અવર્ણનીય હતો. એટલે તેમના મરણની ખબર નગરમાં ફેલાઇ જતાં સર્વત્ર હાહાકાર વર્તી રહ્યો અને પશુનાં ટોળાં 'કુમારપાળનું મરણ' એવા અક્ષરો સાંભળતાં રડવા લાગ્યા. લોકો કહેવા લાગ્યા કે- "આવો ધર્માત્મા, પરમાર્હત્, પ્રિયંકર, પૃથ્વીપાલકશિરોમણી, મારિ નિવારણ કરનાર અને મરણ પામેલા બીનવારસની મીલ્કત તજી દેનાર, જીવદયા-પ્રતિપાળ ભૂપાળનો વિરહ થતાં ખરેખર મહાન્ ખેદ અને ચિંતા થાય છે કે એ ગયા એટલે જીવદયા ક્યાં જશે? આ ભવ્ય જિનાલયોનું શું થશે? અરે! આ ધાર્મિક સંસ્થાઓ શી રીતે નભશે?" આ રીતે પારાવાર અફસોસ સહુ કોઇ કરવા લાગ્યા.

કુમારપાળ ભૂપાળે ધર્મ, અર્થ ને કામ-એ ત્રણે વર્ગ પોતાના જીવનમાં બરાબર સાધી લીધા હતા અને સુરગતિના સુખ ભોગવી એકાવતારી થઇને છેવટે મુક્તિપદને પામશે. આવા પુન્યશાળી પવિત્ર

પુરૂષનું નામસ્મરણ પણ સર્વદા કલ્યાણકારી સમજવું.

આ તરફ અજયપાળને કુમારપાળના મૃત્યુની ખબર પડી કે તુરત જ તે રાજ્યગાદીનો માલીક થઇ બેઠો અને કુમારપાળ ઉપરના દ્વેષને લીધે તેમનાં કરાવેલાં કામોનું નિકંદન કરવા લાગ્યો. કેટલાક જિનમંદિરો પાડી નંખાવ્યા, જિનબિંબો ભાંગી નાંખ્યા, પૌષધશાળાઓ પડાવી નાંખી અને જે જે ઉત્તમ સ્થાનકો કરાવેલાં હતાં તે સર્વ તોડી નંખાવ્યા. અનુક્રમે તારંગા તીર્થનો વારો આવ્યો. એ તીર્થની ઉપર મહાન્ આક્રમણ કરવાની અજયપાળની વૃત્તિ જાણીને પાટણપુરીનો વણિકસમુદાય વિચારમાં પડી ગયો અને સર્વ એકત્ર થઇને માંહોમાંહે ચર્ચા કરવા લાગ્યા કે- 'અરે! આવી ઘોર આશાતના કરનાર આ રાજાને કોણ કહી શકે અને કોણ અટકાવી શકે? આ રાજાએ કુમારપાળના કરાવેલાં બધાં સ્થાનકો તો પાડી નાંખ્યા એ તરફનું દુઃખ તો હૃદયમાંથી ઓછું થતું નથી, તેમાં વળી આ તારંગા તીર્થનું ભવ્ય જિનાલય તોડી નાંખશે તો ખરેખર મહાન્ ખેદ અને અનર્થનું કારણ થશે.' એ માટે શું કરવું? તેના વિચારમાં પાટણનગરીનો વણિકસમુદાય પડી ગયો. વણિક કેવા હોય અને વણિક શું શું કરે? તે માટે કવિ ઋષભદાસ કહે છે કેઃ-

વણિક કટક ચડ્યા ફેરવે, વણિક ધનનો મદ જીરવે;
વણિક બંધથકી છોડવે, વણિક દરિદ્રપણું નિર્ગમે.
વણિક કરે સકળ જીવ સાર, વણિક કર ઉડાવણ હાર;
વણિક દયાવંત જાણીયા, દુર્ભિક્ષ ઉતારે વાણીયા.
અજા મહિષ ગવરી સાંઢીયા, મરતાં છોડાવે વાણીયા;
ટાળે અકર અને અન્યાય, સોચ કરે જે ન કરે રાય.

આ વણિકકુળમાં સમરાશાહ, જગડુશાહ, વસ્તુપાળ, તેજપાળ, ભીમોશેઠ, હેમોશેઠ, ખીમોશેઠ, ખીમો હડાલો, અંબડશેઠ, ઉદયન મંત્રી આદિ મહાભાગ્યશાળી દાનવીર રત્નો થઇ ગયા છે, જેમણે ધર્મના અનેક શુભ કામો કરી શાસનની શોભા વધારી પોતાની નામના જગતમાં

અવિચળ રાખી છે.

અહિં એકત્ર થયેલા સર્વ વણિકો કહેવા લાગ્યા કે- "ખરેખર આ અજયપાળ તો કુમારપાળની પછવાડે દીવા પાછળ અંધારાસમાન નીવડ્યો અને વધુ કહીએ તો હંસના કુળમાં કાગ, પંડિતના કુળમાં મૂર્ખરાજ, હાથીની પાટઉપર ગર્દભ, સિંહના કુળમાં શિયાળ-એ પ્રમાણે જ ખરેખર આ અજયપાળને માટે બન્યું છે. શ્રેણિક રાજાનો સુત કોણિક જેમ પોતાના પિતાને કારાગૃહમાં પુરનાર દુષ્ટ નીકળ્યો અને સુરપ્રિયકુમાર જેમ પોતાના પિતાનો જ વધ કરાવનાર પેદા થયો તેવા જ પ્રકારનો આ અજયપાળ ખરેખર રાજા કુમારપાળની કીર્ત્તિને ખંડિત કરનારો નીકળ્યો છે.

આ પ્રમાણે વાતચીત ચાલી રહી છે તે દરમિયાન એક વણિકે પોતાનો અભિપ્રાય આપ્યો કે- "આ શહેરમાં એક લંઠક પુરૂષ રહે છે કે જે બુદ્ધિમાં અને તર્કમાં બહાદુર ગણાય છે, તેમજ કોઇની પરવા રાખ્યા સિવાય સ્પષ્ટ વદનારો કહેવાય છે, તેથી જો આપ સૌનો મત પહોંચતો હોય તો આપણે તેને બોલાવીએ અને આ હકીકત કહીએ." તેને બોલાવવાનો તુરત જ નિશ્ચય થતાં તે લંઠક પુરૂષને તેડાવ્યો અને સર્વ હકીકત કહી તેની સાથે ભારપૂર્વક સર્વેએ કહ્યું કે- "આ કામ ત્હારા સિવાય કોઇ કરી શકે તેમ નથી; માટે આ કામ તું એકદમ ઉપાડી લે અને તે બાબત ત્હારે જેટલું ધન જોઇએ તેટલું માગી લે." તુરત જ તે પુરૂષે હા કહી અને હિમ્મત ધરી ઉપાય શોધી કાઢ્યો.

તે લંઠક પુરૂષે પાટણનગરીમાં જ ભવ્ય મહેલાતો બંધાવી. ઘણા આડંબરસહિત એક રાજાની માફક જ ભભકાબંધ પોશાકમાં પોતાના પુત્રસહિત રહેવાનું શરૂ કર્યું અને ધીમે ધીમે અજયપાળ રાજાની સાથે મિત્રાચારી વધારી. સંકેત મુજબ લંઠક પુરૂષના પુત્રે પિતાના કરાવેલાં ભવ્ય મકાનો અનુક્રમે પડાવી નંખાવ્યા, એથી એક દિવસ સમયસૂચકતા વાપરી અજયપાળની સમક્ષ તે લંઠક પુરૂષે તેના પુત્રને ઠપકો આપી કહ્યું

કે- "હે પુત્ર! જે જે સુંદર મકાનો મેં હોંશથી તૈયાર કરાવ્યા છે તેને તું પાડીને પાદર કરવામાં આનંદ માને છે તો ત્હારા જેવો નાલાયક પુત્ર બીજો કયો સમજવો? જ્યારે મ્હારી હયાતિમાં જ આવા અઘટિત કાર્યો કરતાં તું લજ્જા પામતો નથી તો પછી મ્હારી પછવાડે તો તું શું ન કરે? ખરેખર આ ઉપરથી મને લાગે કે તું મ્હારો પુત્ર નથી, પરંતુ એક વૈરી તરીકે ઉત્પન્ન થયો હોય એમ લાગે છે; પણ ત્હારે સમજવું જોઇએ કે:-

જાયા તે પરમાણ, જે જાયા જગ જાણીએ;
કુળના વિટંબણહાર, જાયા અણજાયા ભલા.
જેણે ન કીધી સાર, જીવંતા જનનીતણી;
પિતા ન પૂજ્યા પાય, ઉદરે વહ્યો ઇંટાલુઓ.

પછી તે લંઠક પુરૂષ પસ્તાવો કરતાં કહે છે કે- "અરે પુત્ર! આમાં મને ત્હારો વાંક જણાતો નથી, પરંતુ ખરૂં કહું તો મ્હારા કર્મનો જ દોષ લાગે છે." કહ્યું છે કે:-

કિશ્યું કરે સુત બાપડો, કિશ્યું કરે રે પિતાય;
કર્મે સાત જ નીવડે, સુણજો સકળ સભાય.
દંત કંત કામિની પશુ, સેવક શિષ્ય વનઝાડ;
લંઠક કહે સુત સાતમો, કર્મે એહ નિલાડ.

આ પ્રમાણે પિતા તરફનો પૂર્ણ ઠપકો સાંભળીને તુરત જ તેનો પુત્ર બોલી ઉઠ્યો કે- 'હે પિતાજી! આ બાબતમાં મારો દોષ મને મુદ્દલ લાગતો નથી, પરંતુ- 'યથા રાજા તથા પ્રજા' એ ન્યાયનું સૂત્ર અહિં બરાબર લાગુ પડે છે. જુઓને પિતાજી! આપણા આ અજયપાળ રાજાએ પણ કુમારપાળ ભૂપાળના કરાવેલા સર્વ ઉત્તમ ધર્મસ્થાનકો, જિનાલયો વિગેરે પડાવી નંખાવ્યા, એટલું જ નહિ પરંતુ હજુ શ્રી તારંગા તીર્થનું ભવ્ય જિનમંદિર પણ પડાવવાની તૈયારી કરી રહ્યા છે તો પછી મ્હારા જેવો રાજાજીની પ્રજામાંહેનો એક એનું અનુકરણ કરે તો તેમાં સંગતિદોષ સિવાય બીજું કાંઇ લાગતું નથી.

સંગતિ પ્રતાપે ઉચ્ચ સોબતથી ઉંચા થવાય છે અને નીચની સોબતથી નીચા થવાય છે. સુતરના દોરાને પુષ્પની સોબત થઇ તો તે પુષ્પહાર બનીને પ્રભુના કંઠમાં પડ્યો, ત્રાંબાને કનકની સોબત થઇ તો તે સોનાના ઘાટમાં ભળી ગયો, નાળાનાં નીર ગંગાનદીમાં ભળતા તે ગંગાજળ તરીકે પંકાણા, શંખને યોગીની સોબત થઇ તો ઘરે ઘરે ભિક્ષા માંગવા સાથે ભટકવું પડ્યું, ચંદનના વનમાં વૃક્ષો ઉગ્યાં તે ચંદનની સુવાસથી ચંદનવૃક્ષ ગણાયાં, ધ્વજાને મંદિરની સોબત થઇ તો તે તેના શિખરઉપર જઇને ચડી બેઠી, સર્પને શંકરની સોબત થતાં ગળાના આભૂષણ તરીકે શંકરે ગણ્યો અને વિભિષણને રામચંદ્રજીની સોબત થતાં લંકાનગરીનું રાજ્ય મળ્યું-આ રીતે હે પિતાજી! મને પણ આપણા રાજા અજયપાળની સોબતથી તમારા કરાવેલાં તમામ મકાનો પાડી નાખવાનું મન થયું છે; માટે જેમ મને કહો છો તેમ આ અજયપાળ રાજા કે જેને કુમારપાળ ભૂપાળે પાળીપોષી મોટા કરી બહુ પ્રેમથી પરણાવીને હુશિયાર કર્યા તે અત્યારે કુમારપાળની ગાદીએ આવી કુમારપાળના કરાવેલાં સર્વ ધર્મસ્થાનકો અને ભવ્ય જિનમંદિરો પાડી નંખાવે છે. તેમને હે પિતાજી! કેમ કાંઇ કહી શકતા નથી?"

આ પ્રકારનો જવાબ પોતાના પુત્રપાસેથી સાંભળી તે લંઠક પુરૂષે કહ્યું કે- "ત્હારી વાત વ્યાજબી છે અને બરાબર સાચી છે, પરંતુ રાજાજી તો મોટા પુરૂષ કહેવાય માટે એમને મોટા પુરૂષને બહુ કહેવાય નહિ; કેમકે હાથી કાને ઝાલ્યો રહી શકે નહિ. કહેવાય છે કે સમુદ્ર, મેઘ અને નૃપતિ કોઈનું માને નહિ, એટલે એ તો આપોઆપ સમજી જાય ત્યારે જ કાર્ય થાય. તેમજ આ અજયપાળ રાજા તો બહુ પરાક્રમી, વિદ્વાન, ડાહ્યા, હુશિયાર અને બીજાને શિખામણ આપે તેવા ગણાય છે તો તુરત સમજી જાય તેવા છે. મને ખાત્રી છે કે ત્રિભુવનપાળના કુળમાં ઉત્પન્ન થયેલા એ સુપુત્ર સોનામાં કદિ પણ શ્યામતા લાગવા દેશે નહિ. આગળ કર્ણરાજા, ભીમરાજા વિગેરે જેમ પોતાના સત્કાર્યોથી જગતમાં અમર

નામના રાખી ગયા છે તેમ આ અજયપાળ રાજા પણ ઉત્તમ ઉત્તમ કામો કરીને પોતાની કીર્તિ જરૂર ઉજ્વળ કરશે.'

આ પ્રમાણે પિતા-પુત્ર વચ્ચેનો બોધદાયક સંવાદ સાંભળતાંની સાથે જ અજયપાળે જિનમંદિરો વિગેરે તોડી નાંખવાનું જે કામ ચાલુ હતું તે એકદમ બંધ કરાવ્યું, તેની સાથે શ્રી તારંગા તીર્થ તરફ જવાનું પણ મોકુફ રાખ્યું અને કહ્યું કે– "આજ પછી જો કોઈ પણ ધર્મના સ્થાનક ઉપર હાથ નાખું તો મને પરમપુરૂષની આણ છે." આ રીતે તે લંઠક પુરૂષના પ્રયાસથી અજયપાળ રાજા શ્રી તારંગાજી તીર્થનું મંદિર તોડવા જતાં અટકી ગયા, તે સાંભળીને પાટણપુરીનો વણિક સમુદાય બહુ જ હર્ષિત થયો અને તેમણે તે લંઠક પુરૂષની બહુ પ્રકારે તારીફ અને કદર કરી.

એક વખત અજયપાળે શ્રી હેમચંદ્રસૂરિના પટ્ટધર મુનિ શ્રી રામચંદ્રને બોલાવીને કહ્યું કે– "હેમસૂરિમહારાજની પાટે આપને બદલે મુનિ શ્રી બાલચંદ્રને સ્થાપન કરવાની મ્હારી ઈચ્છા છે, માટે તમે તે પ્રમાણે તુરત જ કરો અને મ્હારી આજ્ઞા માન્ય કરો." આનું મુખ્ય કારણ એ હતું કે અજયપાળને રાજ્યગાદી પ્રાપ્ત કરાવવા ખટપટમાં પડીને પ્રથમથી જ બાલચંદ્ર હેમચંદ્રસૂરિશ્વરજીની હયાતિમાં જ ખૂટી ગયો હતો અને એનાં પ્રપંચોથી જ રાજ્યગાદી અજયપાળે મેળવી હતી. અજયપાળે તે વખતે બાલચંદ્ર મુનિને વચન આપેલું હતું કે– "જ્યારે હું રાજ્યગાદીઉપર આવીશ ત્યારે તમને સૂરિની પાટે ચોક્કસ બેસાડીશ." આ કારણે રામચંદ્ર મુનિને પાટ સોંપી દેવાનું અજયપાળે કહ્યું તેના જવાબમાં રામચંદ્ર મુનિએ નિડરતાથી ઉત્તર આપ્યો કે– "મને મ્હારા ગુરૂશ્રી તેમની હયાતિમાં પાટે બેસાડી ગયા છે, જેથી હવે તે બાબત આપ ગમે તેટલું કહો તો પણ મારાથી કાંઈ પણ ફેરફાર થઈ શકે તેમ નથી મ્હારા પરમપૂજ્ય ગુરૂશ્રીની આજ્ઞાનો લોપ કદિ મ્હારાથી બની શકશે જ નહિ." આવો જવાબ સાંભળીને અજયપાળે કહ્યું કે– "જો બાલચંદ્રને પાટ સોંપી દેવાના મ્હારા

હુકમનો અનાદર થશે તો તમને મહાન્ દુ:ખ પડશે માટે હજુ પણ કહું છું કે ફરીથી વિચાર કરો અને બાલચંદ્રને સૂરિની પાટ સોંપી દ્યો."

મુનિ શ્રી રામચંદ્રે પ્રત્યુત્તર આપ્યો કે– "હું મ્હારા ગુરૂમહારાજની આજ્ઞાનું ખંડન કદાપિ કરનાર નથી. મ્હારા પૂજ્ય ગુરૂદેવની આજ્ઞામાં જ સર્વ કલ્યાણ સમાયેલું છે. શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ દાખલાઓ છે કે-કુલવાલુઓ મુનિ પોતાના ગુરૂનું વચન નહિ માનવાથી માનભ્રષ્ટ થયો અને મરણ પામી દુર્ગતિમાં ગયો. દશમ દુવાલસ વિગેરે તપ તપે અને શુદ્ધ શિયળનું પાલન કરે, પરંતુ જો પોતાના ગુરૂની આજ્ઞાનો ભંગ કરે તો અનંત સંસારી થાય. જમાલીને શ્રી વીર ભગવાનનું એક વચન માન્ય નહિ કરવાથી બહુ સંસાર પરિભ્રમણ કરવું પડ્યું. સહસ્ત્રમલ ગુરૂની સામે થયો તો અન્તે નિહ્નવ થયો." આ રીતે દૃષ્ટાંતોની સાથે પ્રથમની માફકનો જ જવાબ આપી રામચંદ્ર મુનિએ અજયપાળને કહ્યું કે– "હે રાજન્! આપને યોગ્ય લાગે તે પ્રમાણે કરો, પરંતુ હું ગુરૂઆજ્ઞા લોપીશ નહિ અને બાલચંદ્રને પાટ સોંપીશ નહિ."

એકનો એક જ જવાબ અને છેવટનો જવાબ પણ મક્કમ સાંભળીને અજયપાળ એકદમ કોપાયમાન થયો અને તુરત જ ધગધગતી લોઢાની શિલા તૈયાર કરાવી રામચંદ્રને હુકમ કર્યો કે– "કાં તો સૂરિપાટ સોંપી દ્યો અગર આ શિલાઉપર સૂઈ જાઓ."

મુનિશ્રી રામચંદ્ર પરમપૂજ્ય સૂરીશ્વર શ્રી હેમચંદ્ર મહારાજના પ્રથમ શિષ્ય તરીકે બહુ જ શાંત અને વિવેકી હતા, એટલે જે ગુરૂમહારાજશ્રી પોતાને પાટ સોંપી ગયા છે તે સાચવવાની ખાતર અને બાલચંદ્રને પાટે બેસાડવો નહિ એ વચનની ખાતર, તેણે તુરત જ ધગધગતી શિલાઉપર સૂઈ રહેવાનું પસંદ કર્યું અને કહ્યું કે:–

અનંત મરણ આગે પણ કર્યાં, તેણે મુજ કારજ નવિ સર્યાં;
એક મરણ ગુરૂ કામે કરૂં, જેમ જન્મ મરણ નિસ્તરૂં.
આગે તે નર શિવપુર મળ્યા, કારણ પડવે જે નવિ ચળ્યા;

વીર જિણંદ સરિખા જેહ, આજ સંભારૂં સઘળા તેહ.

શ્રીરામચંદ્ર મુનિ લોહશિલાઉપર સૂતાં સૂતાં આગળ થઈ ગયેલાં પવિત્ર ઉત્તમ પુરૂષોનું સ્મરણ કર્યા કરે છે અને વિચારે છે કે– "શ્રી વીર ભગવાનને કાનમાં ખીલા ઠોકાણા અને પગપર ક્ષીર રંધાણી, ખંધકસૂરિના પાંચ સો શિષ્યો ઘાણીમાં પીલાણા, ગજસુકુમાળના મસ્તકઉપર અગ્નિ મૂકાણી, ચિલાતીપુત્રના શરીરને કીડીઓએ ફોલીને ચાલણી જેવું કરી નાંખ્યું, મેતારજ મુનિવર મસ્તકઉપર વાધરથી વીંટાણા, અવંતીસુકુમાળના શરીરને તેની પૂર્વભવની સ્ત્રી શિયાળણી ખાઈ ગઈ, ઢંઢણ ઋષિ, અરણિક મુનિવર, દ્રઢપ્રહારી અને સનત્ કુમાર ચક્રવર્તી વિગેરેએ ઘણું જ કષ્ટ સહન કર્યું છે. એ રીતે કારણ પડ્યે જેમ આ સમતાવંત પૂજ્ય પુરૂષોએ મહાન્ કષ્ટો સહન કર્યા હતા તેમ મ્હારે આ વખતે આ લોહશિલાઉપર સૂઈ રહીને સમતાભાવે સહન કરવું તે મ્હારી પવિત્ર ફરજ છે."

વળી રામચંદ્ર મુનિશ્રીએ બલભદ્ર, અભયકુમાર, મેઘકુમાર, ધન્નાશાળિભદ્ર, મૃગાપુત્ર, કુરગડુ, કરકંડુ, ધન્નામુનિ, સ્થૂલભદ્રજી, વારતિગ મુનિ, શિવકુમાર, નમિરાજ, દ્રમકઋષિ, પ્રભવસ્વામી, વિષ્ણુકુમાર, અઈમુત્તા, જંબૂમુનિ, રામચંદ્ર, હનુમંત, વાલીમુનિ, સંભૂતિવિજય, યશોભદ્ર, કૃષ્ણસુત શાંબ અને પ્રદ્યુમ્ન, પાંચ પાંડવ, ભવદેવ અને ભાવદેવ, શકડાલસુત શ્રીયક, થાવચ્ચા મુનિ, રાજર્ષિ પુંડરીક, કયવન્ના શેઠ, દશાર્ણભદ્ર, આષાઢાભૂતિ, આર્દ્રકુમાર, નંદીષેણ, અનાથી મુનિ, ઉદયન રાજર્ષિ, સુકોશળ મુનિ, નારદઋષિ, પાંચ ક્રોડ મુનિસહિત શ્રી પુંડરીકસ્વામી અને લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી આદિ અનેક પુન્યવંત પુરૂષોનું સ્મરણ કર્યું અને વિચાર કર્યો કે-અહો! એ પૂજ્ય-પ્રતાપી પુરૂષોનો જ હું બાળક છું તો આવા મરણાંત કષ્ટ સમયે શામાટે ડરૂં? અરે! મૃત્યુ તો સર્વના શિરે ઉભેલું જ છે કેઃ-

દાન સુપાત્ર જીણે દીયો, શિર વહી જિનવર આણ;
જીહાં જીવે તિહાં તક ભલો, મરે તો તાસ કલ્યાણ.

ખટખંડ કેરો રાજીયો, જો પણ સુર અવતાર;
જે જનમ્યા તે જાયસે, કો થીર નહિ નિરધાર.
નાનો મોટો નરપતિ, અમરપુરીનો રાય;
રામચંદ્ર મુનિ એમ કહે, જે જનમ્યા તે જાય.

આ પ્રમાણે ભાવના ભાવતાં, ચોરાશી લાખ જીવાયોનિમાંહેના સર્વ જીવોને ખમાવતાં, વ્રતસંબંધે દૂષણ લાગ્યું હોય તેની આલોચણા કરતાં, નિર્મળ ધ્યાન ધરતાં, રામચંદ્ર મુનિવર તે ધગધગતી શિલાઉપર જેમ અગ્નિમાં ઘાસ બળે તેમ બળીને ભસ્મ થઇ ગયા!

આવા પ્રકારના મહાન્ અફસોસકારક અને ખેદ ઉપજાવે તેવા બનાવથી નગરના સર્વ જનો બહુ જ દિલગીર થઇ ગયા અને અજયપાળ તેમજ બાલચંદ્રને ફીટકાર આપવા લાગ્યા. લોકો કહેવા લાગ્યા કે- "જગતમાં બાળહત્યા, સ્ત્રીહત્યા, બ્રહ્મહત્યા અને ગૌહત્યા-એ ચાર મોટા પાપ ગણાય છે તે કરતાં પણ આ મુનિહત્યાનું મહાન્ પાપ આ અજયપાળને શિરે ચોટ્યું. ખરેખર! આ હત્યા કરનાર અવશ્ય દુર્ગતિમાં જશે અને મચ્છ, કચ્છપ, અજગર, બગલો કે સાપ આદિ અધમ યોનિમાં ઉત્પન્ન થશે. તેમજ જ્યાં જશે ત્યાં દુઃખી થશે. તેની સાથે આવા ઉગ્ર પાપનું ફળ તાત્કાલિક પણ જરૂર ભોગવશે."

આવા મુનિહત્યાના નીચ કૃત્યથી અજયપાળ બહુ જ નિંદાને પાત્ર બન્યો. તેની સાથે બાલચંદ્ર મુનિ પણ જેમ કાનમાં કીડા પડેલો કુતરો જ્યાં જાય ત્યાંથી ધક્કાને પામે તેમ અવગણના પામ્યો અને બન્નેના ઉપર કાળું કલંક ચોટી ગયું, જે કદિ પણ ઉતરી શક્યું નહીં. કહ્યું છે કેઃ-

સાયર સંદેશા મોકલે, ચંદા પુત્ર જુહાર;
ચડ્યા કલંક ન ઉતરે, તુજ ખંપણ મુજ ખાર.

બાલચંદ્ર મુનિને પારાવાર પસ્તાવો થવા લાગ્યો અને અજયપાળની સાથે પોતાને શિરે પણ આવું કલંક આવી પડતાં તેને બહુ જ ક્રોધ ચડ્યો.

તેણે દેવની આરાધના શરૂ કરી અને બહુ પ્રકારની ભક્તિવડે દેવની પ્રસન્નતા પ્રાપ્ત કરી. પાપીષ્ટ અજયપાળને મારી નાખવા તે દેવને તેણે વિનંતિ કરી, તે ઉપરથી તે દેવે જે વખતે અજયપાળ અશ્વઉપર બેસી ફરવા જતો હતો તે તક સાધીને ઘોડાના શરીરમાં પ્રવેશ કર્યો અને તેને અશ્વઉપરથી પછાડી, પગવડે ખૂબ ખૂંદીને તેના પ્રાણ લઇ લીધા. આ રીતે અજયપાળનું અકાળ મૃત્યુ નીપજ્યું અને છેવટે બાલચંદ્ર પણ ગુરૂની આજ્ઞા નહિ માનવાથી આ ભવ અને પરભવમાં મહાન્ દુ:ખને પામ્યો.

સારાંશ તરીકે સમજવાનું છે કે અજયપાળે રાજ્યના લોભથી અને બાલચંદ્ર મુનિએ સૂરિપાટના લોભથી રામચંદ્ર મુનિશ્રીની હત્યા કરી મહાન્ પાપ વહોર્યું અને છેવટે થોડા દિવસમાં એ ઉગ્ર પાપના પ્રતાપે બન્ને જણા મરણને શરણ થઇ દુર્ગતિમાં પહોંચ્યા.

રાસકર્તા કવિ ઋષભદાસ ભવ્ય જનોને શિખામણ આપતાં જણાવે છે કે લોભને વશ થઇને જેમ અજયપાળ રાજા થોડા દિવસને કારણે મહાન્ પાપનો ભાગીદાર બની અન્તે કાંઇ પણ ભોગવી શક્યો નહિ તેમ સમજીને રમા એટલે લક્ષ્મી અને રામા એટલે સ્ત્રીની લાલસામાંથી લોભવૃત્તિ ને વિષયાસક્તિ ઘટાડીને જીવનનું સાર્થક કરી લેવાની ખાસ જરૂરીયાત છે. કહ્યું છે કે:-

મમતા માયા કારમી, ફોગટ ધંધ કરેશ;
જો ઋદ્ધિ મેલી ઘણી, અંતે તોહુ મરેશ.
થોડા દિવસને કારણે, શિર લીયે સબલો ભાર;
ઋષભ કહે નર કેટલા, ન કરે તત્વ વિચાર.
લોભે જગત વિગોઇઓ, લોભ ન જીત્યો જાય;
લોભે ભરત બાહુબલી, દીએ શિર તાકી ઘાય.
લોભે જગ અંધો ભયો, માને ગયો વિવેક;
ક્રોધ કરી તપ બાળીયો, દુ:ખ લહે જંતુ અનેક.

હંમેશાં જેને ક્રોધ ઘણો હોય, નિદ્રા બહુ હોય અને આહાર ઝાઝો

હોય તેમજ હૃદયમાં રાગ અને દ્વેષ ભરપૂર ભર્યાં હોય, તેની ગતિ આખરે માઠી જ થાય છે અને દુર્ગતિમાં જાય છે. આત્માનું હિત કરવાની વાંછા હોય તો દરેક પ્રાણીસાથે મૈત્રીભાવ રાખવો અને પારકી નિંદા કરવાની બૂરી આદતનો અવશ્ય ત્યાગ કરવો. દરેક જીવે પોતાનું વર્તન જેમ બને તેમ વિશુદ્ધ-પવિત્ર બનાવવા સતત પ્રયાસ કરવો અને પાપકાર્યમાંથી તો સત્વર પાછા જ હઠવું, તેમજ ધર્મના સંસ્કારો પાડી જીવદયા પાળવી, સત્ય વચન બોલવું, સુપાત્રદાન દેવું, પરધન પત્થરસમાન ગણવું, પરસ્ત્રીને પોતાની માતા અને ભગિનીસમાન લેખવવી, માયા-મોહની ને મિથ્યાત્વની પરિણતિ ઘટાડી નાંખવી, અભિમાનનો અંશ પણ પ્રવેશ થવા ન દેવો વિગેરે બાબતોઉપર વિશેષ લક્ષ આપી નિરંતર જિનેશ્વર ભગવંતની પૂજા, ગુરૂમહારાજના મુખથી જિનવાણીનું શ્રવણ અને તપ-જપાદિ ધર્મની શુભ કરણી કરી આ ભવસાગરમાંથી પાર ઉતરવા પ્રયત્નપૂર્વક ઉજમાળ થવું.

દાન, શિયળ, તપ અને ભાવ-એ ચાર ભેદવાળા ધર્મની આરાધના કરવી, દયાના દરિયા બની જગતના સર્વ જીવોનું ભલું કરવાની ભાવના રાખવી, તીર્થયાત્રાનો લાભ લેવો, પરોપકારી બનવું. એ રીતે જીવનને નિર્મળ કરતાં નવે નિધાન પ્રાપ્ત થાય છે. તેની સાથે ઉપશમ રસ-સમતા ગુણને ખાસ ધારણ કરવાનું ધ્યાનમાં રાખી એ ગુણશ્રેણીએ આત્માને ચઢાવવા ચૂકવું નહિ. એ ઉપશમ ગુણથી અનેક પુરૂષો સુખશાંતિને પામ્યા છે, જે માટે નીચેની ઢાળ અવશ્ય વાંચીને વિચાર કરવાની ભલામણ છે.

**પ્રણમી તુમ સીમંધરૂજી! એ-દેશી.**

અનેક નર સુખ પામીયાજી, ઉપશમ અંગે રે ધાર;
કુરગડુ મુનિરાજીયોજી, પહોત્યો મુગતિ મોઝાર. સોભાગી!
કર સમતાશું રે રંગ.
દાન શિયળ તપ ભાવનાજી, આદર સુપુરૂષ સંગ. સો૦

દાન સુપાત્રે દેયતાજી, સુખ પામ્યો ધનસાર;
તીર્થંકર પદવી લહીજી, લહ્યો તે ભવજળ પાર. સો૦
શ્રી ગુરૂવચન હૈડે ધરીજી, પાળે નિર્મળ શીલ;
વંકચૂલ વનમાંહે વસેજી, પામ્યો લખમી લીલ. સો૦
તપ તપતાં સુખ પામીયોજી, દેખો ધન્નો અણગાર;
સર્વારથ સિદ્ધે ગયોજી, જીહાં થકી એક અવતાર. સો૦
મૃગલો ભાવે ભાવનાજી, દેખી મુનિવર દાન;
મરણ લહી મૃગરાજીયોજી, પામ્યો અમર વિમાન. સો૦
જીવદયા જગ પાળતાંજી, છૂટ્યો ગજ અવતાર;
પરભવે નરવર રાજીયોજી, થયો તે મેઘકુમાર. સો૦
પર ઉપગાર કરંતડાજી, સુખીયો શિવકુમાર;
સુર સેવા તેહની કરેજી, આપ્યા રતન અપાર. સો૦
સાર વચન મુખ બોલતાંજી, સુખિયો ભુજબળ શેઠ;
સુર રંજી સોની તણીજી, ગુણે કરી તસ ભેટ. સો૦
જિન પ્રાસાદ કરાવીયાજી, કીધાં જિનવર બિંબ;
નૃપ સંપ્રતિ સુખ પામીયોજી, રહ્યો જસ કીર્ત્તિ થંભ. સો૦
શ્રી સુપાસ જિનવરતણીજી, સીતા કરે પ્રતિમાય;
અમર વિમાને તે ગઇજી, સુર જેહના ગુણ ગાય. સો૦
જિન પૂજંતા પામીયોજી, મુગતિપૂરીનો વાસ;
નાગકેતુ નરને નમુંજી, હું તસ પાયનો દાસ. સો૦
તીરથ યાત્રા કરંતડાજી, ચક્રી ભરત ઉલ્લાસ;
જેહની કીર્ત્તિ જગ રહીજી, પામ્યા સુખ નિવાસ. સો૦
તીર્થ યાત્રા ચિત્ત ભાવતાંજી, પામ્યો કેવળ જ્ઞાન;
ધર્મચંદ નર નિરખતાજી, લહીયે નવે નિધાન. સો૦
વીર વચન નાગે સુણીજી, આણી સમતા સાર;
કીડી ફોલ્યો નવિ ચળ્યોજી, પામ્યો સુર અવતાર. સો૦

શ્રી જિનના ગુણ ગાવતાંજી, સુખીયો રાવણ રાય;
લંકા ગઢનો રાજીયોજી, પરભવ અરિહા થાય. સો૦
વ્યવહાર શુદ્ધ નિત પાળતાંજી, સુખ પામ્યા જિનદાસ;
સોવન કડાં સહેજે લહ્યાજી, તસ્કર સોય નિરાસ. સો૦

કવિ ઋષભદાસ વધુ વિવેચન કરીને ભવ્ય જીવોને ભલામણ કરે છે કે આઠ પ્રકારના મદ પ્રાણીને દુર્ગતિમાં ઘસડી જનાર છે, માટે તેનાથી સાવધાન રહી મદ બિલકુલ કરશો નહિ. જાતિમદ કરવાથી વામન દાસીની કુક્ષિમાં ઉત્પન્ન થઇ અન્તે કુબડો થયો, લાભમદ કરવાથી ભ્રગુકચ્છ મુનિ આ ભવ અને પરભવમાં દુ:ખ-દારિદ્રને પામ્યા, કુળમદ કરવાથી ભરત ચક્રવર્તીના સુત મરિચી નીચ કુળે ઉત્પન્ન થયા, પ્રભુતા-ઠકુરાઇનો મદ કરવાથી દશાર્ણભદ્ર અન્તે ઇંદ્રની ઋદ્ધિ જોઇ લજ્જા પામી હારી ગયા, મૃગલીને બાણવડે હણીને શ્રેણિક રાજા બળમદ કરવાથી નરકની ગતિને પામ્યા, પૂર્વભવે તપમદ કરવાથી કુરગડુ મુનિના જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નહિ, રૂપમદ કરવાથી સનત્કુમાર ચક્રવર્તીની કાયા રોગિષ્ટ અને દુર્ગંધી થઇ ગઇ, શ્રુતનો મદ કરી શ્રી સ્થુલભદ્રજી સિંહરૂપે થયા તેથી ગુરૂમહારાજે તેમને ચાર પૂર્વ અર્થવગરના આપ્યા. આ રીતે રહસ્ય સમજી કોઇ પણ પ્રકારનો મદ કદિ પણ કરવો નહિ.

માન કરવાથી બાહુબળી અને ભરત મહારાજનું તુમુલ યુદ્ધ જામ્યું અને છેવટે બાહુબળીએ ચારિત્ર અંગીકાર કરી જ્ઞાન-ધ્યાનમાં એકાગ્રતા કરી, છતાં માનરૂપી વેલડી પોતાની આસપાસ વીંટાઇ ગયેલી હોવાથી કેવળજ્ઞાન મેળવી શક્યા નહિ; પરંતુ એ માનરૂપ પર્વતના શિખરેથી જેવા ઉતર્યા કે તુરત જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને દેવદુંદુભી વાગી. આ ઉપરથી સાર એ સમજવાનો છે કે:-

પીપલતણું જેમ પાંદડું, ચંચલ જેમ ગજકાન;
ધન યૌવન કાયાતણો, મ કરો મન અભિમાન.
કાચો પિંડ ન પોષીયે, અભક્ષ ન કીજે આહાર;

વશ કીજે મન માંકડો, તો લહીએ ભવપાર.
કાયા હંસ બે બળદીયા, ઋષભ કહે મન રાસ;
કર્મરૂપી છે સારથી, ફેરવે બહુ ગતિ વાસ.
કાળે જગ ખાધો સહી, કુણે ન ખાધો કાળ;
કાળ આહેડી જગ પડચો, જેણે ભખીયા વૃદ્ધ બાળ.

આ પ્રમાણે આયુષ્યનો ક્ષણભર પણ ભરૂસો નહિ રાખતાં ધર્મકરણીમાં ઉજમાળ બની, શ્રી વીતરાગપ્રણીત ધર્મની ઉત્તમ સામગ્રી પામી, આ દશ દૃષ્ટાંતે દુર્લભ માનવભવની સાર્થકતા કરી, જન્મ-મરણના દુઃખો ફરી ફરી પ્રાપ્ત કરવા ન પડે એવી ખાસ ચીવટ રાખી, અજર-અમર-શાશ્વત શિવસુખની પ્રાપ્તિ કરી લેવી એ સારમાં સારભૂત છે.

શ્રી કુમારપાળ મહારાજાના રાસનું રહસ્ય વાંચી સંક્ષેપમાં બહુ જ સમજવાનું છે અને આવા પુન્યવંત પુરૂષોના જીવનચરિત્રમાંથી સાર પદાર્થનો સંચય કરી આપણું જીવન નિર્મળ બનાવી લેવાનું છે. કુમારપાળ ભૂપાળે અઢાર દેશોમાં અમારી પડહ વગડાવી અનેક જીવોને અભયદાન આપ્યું, એ ઉપરથી તાત્પર્ય એ લેવો ઘટે છે કે આપણે પણ જીવ-રક્ષા કરવા માટે જેમ બને તેમ કટિબદ્ધ થઇ જગતમાં જીવદયા પળાવવા સર્વ પ્રકારે પ્રયત્ન કરવો. કુમારપાળ રાજાએ ચૌદસો ચુંમાલીશ નવીન જિનપ્રાસાદોપર કળશ ચડાવ્યા, સોળ હજાર જીર્ણોદ્ધાર કરાવ્યા, અનેક ચૈત્યોપર ધ્વજાઓ ચડાવી, સાત તીર્થોની યાત્રા કરી મહાન્ લાભ મેળવ્યો, એકવીશ જ્ઞાનભંડારો લખાવીને કરાવ્યા. આ રીતે દેવભક્તિ, જ્ઞાનભક્તિ, તન, મન અને ધનથી કરી, તેની સાથે કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિમહારાજના ઉપદેશથી જિનશાસનની અપૂર્વ જાહોજલાલી વધારીને ગુરૂભક્તિની ફરજ સંપૂર્ણપણે બજાવી તેવી રીતે દેવ, ગુરૂ અને ધર્મની જાહોજલાલી વધારવા આપણે પણ નિરંતર ઉજમાળ થવું. સાધર્મિકભક્તિ કરતાં કુમારપાળ મહારાજાએ બ્હોંતેર લાખનો શ્રાવક

ઉપરનો વાર્ષિક કર માફ કર્યો અને સીદાતા સ્વધર્મી બન્ધુઓના ઉદ્ધારાર્થે દરેકને હજાર હજાર દીનાર આપી વાર્ષિક એક કરોડનો ખર્ચ રાખ્યો, તેમ આપણે પણ સ્વામીભાઈઓની ભક્તિ આપણાથી બનતી રીતે કરવા માટે ભાવના રાખવી. કુમારપાળ રાજાએ બાર વ્રત અંગીકાર કરી સમક્તિની શુદ્ધ છાપ મેળવી, જેમાં ગમે તેવા સંકટો આવ્યા છતાં પણ એકે વ્રતને દૂષણ લાગવા દીધું નહિ તેમજ લડાઈમાં પણ હસ્તીઉપર બેઠાં બેઠાં પ્રતિક્રમણ કરી વ્રતનિયમ દ્રઢપણે પાળ્યું. એ બાબત માટે ખૂબ વિચાર કરી આપણે પણ બારવ્રતધારી શ્રાવક બનવા અને પ્રતિક્રમણ, પૂજા, પૌષધ આદિ ધર્મની શુભ કરણી કરવા ખાસ ધ્યાનમાં રાખવું.

અન્તમાં કવિ ઋષભદાસ હર્ષપૂર્વક નિવેદન કરે છે કે શ્રી કુમારપાળ રાજાના ગુણગાન કરતાં આજ મને અખૂટ નિધાનની પ્રાપ્તિ થઈ છે. એમનાં પવિત્ર નામથી મ્હારે ઘરે ચારે મંગળ વર્તે છે. વળી સુંદર ગૃહિણી, બ્હેન-બાંધવની જોડી, આંગણે રમતાં બહુ બાળકો, કુટુમ્બકબીલાની જોગવાઈ અને ઘર આગળ ગાય-ભેંસોનું દુઝાણું-ઈત્યાદિ સુખસામગ્રી એના પ્રતાપે મ્હારે ત્યાં દેદીપ્યમાન દીસે છે.

શ્રી સરસ્વતી દેવીની શુભ કૃપાથી અને જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરીશ્વરજી કે જેમણે અકબર બાદશાહને પ્રતિબોધ પમાડી જગતમાં જૈનધર્મનો વિજયવાવટો ફરકાવ્યો તેમના પસાયથી તેમજ એમના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિશ્વરજી કે જે મ્હારા પરમપૂજ્ય ઉપગારી છે તેમની પાટે વિજયદેવ ગણધર થયા. તે સર્વ ગુરૂવરના પવિત્ર પદકજ પ્રણમી, આગળ સુપ્રસિદ્ધ થઈ ગયેલા લાવણ્ય કવિ, લીંબો કવિ, ખેમો કવિ, હંસરાજ કવિ, દેપાળ કવિ અને માલ કવિ આદિ બુદ્ધિનિધાન ઉત્તમ ગૃહસ્થ કવિવરોને વંદન કરીને સ્વપરના ઉપગારને અર્થે કવિ ઋષભદાસ કહે છે કે 'મંદમતિ એવા મેં આ રાસની રચના કરી છે.'

પંડિત સોમસુંદરસૂરિ કે જે તપાગચ્છની પચાસમી પાટે થયા, તેમના શિષ્ય શ્રી જિનમંડણ ગણિએ સંવત્ ૧૪૯૨ માં શ્રી કુમારપાળ

પ્રબંધની સંસ્કૃતમાં યોજના કરી છે, તેને અનુસારે તેમજ તેમાં જિનશાસ્ત્રની રસભરી મીઠી કથાઓ કેટલીક પ્રસંગોપાત દાખલ કરી, હેતુ યુક્તિ ઈષ્ટાંતો અને નીતિશાસ્ત્ર વિગેરેનું ગુંથણ કરી પ્રાગવંશી સાંગણસુત કવિ શ્રી ઋષભદાસે જંબૂદ્વિપમાં આવેલા ભરતક્ષેત્રના ગુજરાત દેશની ત્રંબાવતી નગરીમાં ચતુર ચાવડા ભૂપતિ વિશાલરાયના વખતમાં સંવત્ ૧૬૭૦ ના ભાદ્રપદ શુદિ બીજ ને ગુરૂવારે આ રાસ સંપૂર્ણ કર્યો.

ભૂલચૂક મિચ્છામિ દુક્કડં!

ૐ શાંતિ! શાંતિ!! શાંતિ!!!

# પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૧ | જીવવિચાર (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૦-૦૦ |
| ૨ | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩ | નવતત્વ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૪ | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫ | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬ | કર્મગ્રંથ-૩ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૬-૦૦ |
| ૭ | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮ | ઉદય સ્વામિત્વ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯ | કર્મગ્રંથ-૪ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૦ | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧ | કર્મગ્રંથ-૫ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨ | કર્મગ્રંથ-૫ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩ | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪ | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૫ ભાગ-૩ ★ | પ્રશ્નોત્તરી | ૪૫-૦૦ |
| ૧૬ | કર્મગ્રંથ-૫ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭ | કર્મગ્રંથ-૧ તથા ૨ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૧૮ | કર્મગ્રંથ-૬ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૬ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૬ ભાગ-૩★ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૬ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨ | કર્મગ્રંથ-૬ ભાગ-૫★ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૨૩ | કર્મગ્રંથ-૬ ભાગ-૬★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૨૪ | કર્મગ્રંથ-૬ ભાગ ૭ +૮★ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |
| ૨૫ | કર્મગ્રંથ-૪ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૦-૦૦ |
| ૨૬ | કર્મગ્રંથ-૫ ભાગ ૩+૪ | પ્રશ્નોત્તરી | ૬૫-૦૦ |
| ૨૭ | કર્મગ્રંથ-૫ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૫-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર★ | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામિ ચરિત્ર ★ | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સવરૂપ દર્શન (બીજી આવૃત્તિ) | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૧૦-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ ★ | | ૧૪-૦૦ |
| ૧૧ | ધર્મને ભજો આશાતના તજો ★ | | ૭-૦૦ |
| ૧૨ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ | | ૩૮-૦૦ |
| ૧૩ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨ | | ૩૮-૦૦ |
| ૧૪ | કલિકાળના કોહીનુર (જૈનેતરની દ્રષ્ટિએ) | | ૧૪-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૬ વિવેચન ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | | ૫૦-૦૦ |
| ૧૭ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | | ૫૦-૦૦ |
| ૧૮ | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | | ૧૨-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૨ | વિવેચન | ૨૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૩ | વિવેચન | ૧૮-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૪ | વિવેચન | ૩૨-૦૦ |
| ૨૨ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત ★ | | ૩૮-૦૦ |
| ૨૩ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત પ્રત-૧ | | -- |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
| --- | --- | --- |
| ૨૪ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ પ્રત-૨ | -- |
| ૨૫ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ ★ | ૪૫-૦૦ |
| ૨૬ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨-પ્રત-૩ | -- |
| ૨૭ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-પુસ્તક-૩ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨★ | ૪૨-૦૦ |
| ૨૮ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૧-પ્રત-૪ | -- |
| ૨૯ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૨-પ્રત-૫ | -- |
| ૩૦ | કર્મગ્રંથ-૧ વિવેચન (નવી આવૃત્તિ) | ૫૦-૦૦ |
| ૩૧ | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૩ પ્રત-૬ | |
| ૩૨ | શ્રી જિનનું દર્શન-વંદન-પૂજન | ૩૦-૦૦ |
| ૩૩ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો પ્રત-૭ | -- |
| ૩૪ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો પ્રત-૮ | -- |
| ૩૫ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૯ | -- |
| ૩૬ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૧૦ | -- |
| ૩૭ | કર્મગ્રંથ-૫ વિવેચન | ૫૫-૦૦ |
| ૩૮ | જીવવિચાર વિવેચન (નવી આવૃત્તિ)★ | ૪૦-૦૦ |
| ૩૯ | નવતત્વ વિવેચન (નવી આવૃત્તિ) | ૧૫૦-૦૦ |
| ૪૦ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૧ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૧ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૨ (નવી આવૃત્તિ) | ૮૫-૦૦ |
| ૪૨ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૩ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૩ | દંડક વિવેચન | ૭૫-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૪૪. | જીવતત્વ-અજીવ તત્વ વિવેચન | ૩૫-૦૦ |
| ૪૫. | નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ | ૨૦-૦૦ |
| ૪૬. | જીવવિચાર વિવેચન | ૮૦-૦૦ |
| ૪૭. | શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ | ૨૦-૦૦ |
| ૪૮. | પુણ્યતત્વનું સ્વરૂપ | ૩૦-૦૦ |
| ૪૯. | શ્રી અષ્ટપ્રકારી પૂજાનું વર્ણન | ૪૦-૦૦ |
| ૫૦. | છ આવશ્યકના રહસ્યો | ૩૦-૦૦ |
| ૫૧. | ૫૬૩ જીવભેદને વિશે જ્ઞાનદ્વારનું વર્ણન | ૨૦-૦૦ |
| ૫૨. | અઢાર દોષોથી રહિત શ્રી અરિહંત પરમાત્મા | ૩૫-૦૦ |
| ૫૩. | આવશ્યક ક્રિયાના સૂત્રોનાં રહસ્યોનું વર્ણન | ૩૫-૦૦ |
| ૫૪. | મુહપત્તિ (મુખવસ્ત્રિકા)ના પચાસ બોલોનું વર્ણન | ૮૦-૦૦ |
| ૫૫. | કર્મબંધ વિવેચન વર્ણન | ૨૦-૦૦ |
| ૫૬. | પાપતત્વ | ૫૫-૦૦ |
| ૫૭. | શાશ્વતગિરિ મહિમા | ૧૨-૦૦ |
| ૫૮. | શ્રાવક દિનચર્યા | ૩૦-૦૦ |
| ૫૯. | અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિજી | ૪૫-૦૦ |
| ૬૦. | કુમારપાળ પૃચ્છા | ૧૦-૦૦ |
| ૬૧. | કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ | ૨૦-૦૦ |

**★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.**

પદાર્થ દર્શન ટ્રસ્ટ

અમદાવાદ